RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 146, Dt.04-09-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

રાજકોટ સહિત રાજ્યમાં ડેન્ગ્યુના કેસોમાં ઉછાળો

વરસાદી અને ભેજયુક્ત વાતાવરણને કારણે મચ્છરો બેફામ બન્યા : યુવાનોથી લઈને વૃધ્ધો સહિતને સતાવતો ડેન્ગ્યુ – ચિકનગુનીયા – મેલેરિયાનો મચ્છરજન્ય રોગ : હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઇ

મુખ્ય સમાચાર,રાજકોટ

છેલ્લા એક મહિનાથી સતત વરસાદ અને ભેજવાળુ વાતાવરણ જોવા મળે છે એક મહિનાના સમયમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસ સતત વધી રહયા છે. ડેન્ગ્યુ, મલેરિયા જેવા મચ્છરજન્ય રોગ હાલ બેકાબુ બન્યા છે નાગરિકો ઉચ્ચ તાવ અને ડેન્ગ્યુ, મેલેરિયા, ટાઈફોઈડ, કમળો અને અન્ય વિવિધ વાયરલ અને બેક્ટેરિયલ ચેપ સહિતની અનેક બીમારીઓ સામે લડી રહ્યા છે. જેને કારણ રાજકોટ સહિત રાજ્યમાં ડેન્ગ્યુના કેસોમાં ઉછાળો નોંધાયો છે.

શહેરની હોસ્પિટલોમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં યુવાનોથી લઈને વૃદ્ધો સુધીના તમામ વય જૂથોમાં વધારો જોવા મળી રહ્યો છે. મેલેરિયા અને અન્ય વાઈરલ ઈન્ફેક્શનમાં વધારો થવાને કારણે આ સંયોજન છે.

EMRI-108ના ડેટા મુજબ, ગુજરાતમાં ગયા વર્ષની સરખામણીમાં આ જુલાઈ અને ઓગસ્ટમાં તાવના કેસોમાં ૧૫ નો વધારો જોવા મળ્યો હતો, ત્યારે અમદાવાદમાં લગભગ ૩૦%નો વધારો જોવા મળ્યો હતો.

જુલાઈ અને ઓગસ્ટ ૨૦૨૩માં ગુજરાતમાં ૧૨,૯૮૭ ઉચ્ચ તાવના કેસ નોંધાયા હતા. આ વર્ષના સમાન મહિના માટે આ સંખ્યા વધીને ૧૪,૯૪૫ થઈ ગઈ છે, જે ૧૫.૦૮%નો વધારો દર્શાવે છે.

અમદાવાદની સંખ્યા વધુ ચિંતાજનક છે. શહેરમાં જુલાઈ અને ઓગસ્ટ ૨૦૨૩માં તાવના ૨,૮૪૬ કેસ નોંધાયા હતા, જે આ વર્ષે વધીને ૩,૬૩૭ કેસ થયા છે, જે નોંધપાત્ર ૨૭.૭૯%નો વધારો છે.

EMRI-108ના અધિકારીઓએ જણાવ્યું હતું કે ડેન્ગ્યુ, મેલેરિયા, ટાઈફોઈડ, કમળો અને અન્ય વાયરલ અને બેક્ટેરિયલ ઈન્ફેક્શન સહિતના વિવિધ પરિબળોએ તાવના આ વધારાના કેસોમાં ફાળો આપ્યો છે.EMRI-108 ના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેઓ જે દર્દીઓની હાજરી આપે છે તેમને સરકારી અને ખાનગી બંને હોસ્પિટલોમાં લઈ જવામાં આવે છે, જે બદલામાં, અહેવાલ આપે છે કે વાયરલ તાવના દાખલાઓમાં ડેન્ગ્યુના કેસ સૌથી વધુ છે.

દાખલા તરીકે જીવરાજ મહેતા હોસ્પિટલ છેલ્લા બે-ત્રણ અઠવાડિયાથી સંપૂર્ણ ક્ષમતાથી કાર્યરત છે. હોસ્પિટલમાં દાખલ થયેલા તમામ દર્દીઓમાંથી, લગભગ ૯૦% ડેન્ગ્યુથી પીડિત છે, ત્યારબાદ અન્ય વાયરલ તાવ છે. હોસ્પિટલના કન્સલ્ટિંગ ફિઝિશિયન . હિતેશ પટેલે જણાવ્યું હતું કે, નડેન્ગ્યુ, ચિકનગુનિયા અને અન્ય વાયરલ તાવના કેસોને કારણે ઈન્ડોર અને ઘડઉ બંને દર્દીઓની સંખ્યા ગયા વર્ષની સરખામણીમાં બમણી થઈ ગઈ છે.થ અમે બાળકોથી લઈને વૃદ્ધો સુધી તમામ ઉંમરના દર્દીઓ જોઈ રહ્યાં છીએ, જેમને સાજા થવા માટે ૫-૭ દિવસની જરૂર છે. જયારે વૃદ્ધ અને મધ્યમ વયના દર્દીઓ નોંધપાત્ર નબળાઈ અનુભવી રહ્યા છે, બાળકો ઉબકા અને ઉલટી સાથે હાજર છે. જો કે, દરેકને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર નથી. બોપલ ઈઈઝ અને ટ્રોમા સેન્ટરના માલિક ડો. રવિ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, નલગભગ તમામ દર્દીઓ વાયરલ તાવથી પીડિત છે જેમાં ડેન્ગ્યુના દર્દીઓની સંખ્યા વધુ છે. શાલ્બી હોસ્પિટલના પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેઓની અમદાવાદની ત્રણ હોસ્પિટલો – નરોડા, એસજી હાઈવે અને ઘુમા –માં ઓગસ્ટ મહિનામાં અનુક્રમે ૩૯, ૮૦ અને ૩૯ કેસ સાથે ૧૫૮ ડેન્ગ્યુ દર્દીઓ દાખલ થયા હતા. સોલા સિવિલ હોસ્પિટલમાં ૨૯ જુલાઈથી સપ્ટેમ્બર સુધીમાં ૨,૯૨૫ શંકાસ્પદ ડેન્ગ્યુ અને ૫૭૭ પોઝિટિવ ડેન્ગ્યુ કેસ નોંધાયા છે. સોલા સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ (એમએસ) ડો. દીપિકા સિંઘલે મિરરને જણાવ્યું હતું કે, નજયારે આપણે ડેન્ગ્યુના કેસોમાં વધારો જોઈ રહ્યા છીએ, તેમાંથી મોટા ભાગના ઓપીડી સારવારથી સ્વસ્થ થઈ જાય છે.

હાય રે બેરોજગારી...૧૫૦૦૦ના પગારવાળી સફાઈ કામદારની સરકારી ભરતી માટે પડાપડી

મુખ્ય સમાચાર,રાજકોટ

દેશમાં બેરોજગારીનું પ્રમાણ કેવી રીતે વધી રહ્યું છે, તેનું બીજુ એક ઉદાહરણ હરિયાણામાં જોવા મળ્યું છે. અગાઉ ગુજરાતમાં અંકલેશ્વર ખાતે એક હોટલમાં નોકરીના ઈન્ટરવ્યૂ માટે યુવાનોએ પડાપડી કરી હતી. એવી જ બીજી ઘટના હરિયાણામાં બાનગી સફાઈ કર્મચારીના ભરતી મેળામાં જોવા મળી હતી. હરિયાણા સ્કીલ એમ્પ્લોયમેન્ટ કોર્પોરેશનમાં સફાઈ કર્મચારી પદ માટે ૪૬ હજારથી વધુ ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ અરજી કરી હતી. તેમાંય ખાસ વાત એ છે કે, માત્ર

પગાર ધોરણ માત્ર રૂ. ૧૫ હજાર જ હતું.

હરિયાણા સ્કીલ એમ્પ્લોયમેન્ટ કોર્પોરેશનના આંકડાઓ અનુસાર, છ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બર દરમિયાન લગભગ ૩૯૯૯૦ ગ્રેજ્યુએટ અને ૬૧૧૨થી વધુ પોસ્ટ ગ્રેજ્યુએટ ઉમેદવારોએ અરજી કરી હતી. તદુપરાંત ૧૨મું ધોરણ પાસ ૧,૧૭,૧૪૪ લોકોએ આ પદ માટે અરજી કરી હતી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, એચકેઆરએન પુલના માધ્યમથી સરકારી વિભાગ, બોર્ડ અને નિગમોમાં નિમણૂક કરાયેલ કોર્પોરેશન સફાઈ કર્મચારીને રૂ. ૧૫ હજાર પ્રતિ માસનો પગાર ચૂકવવામાં આવશે. નોકરી વિવરણમાં કામગીરી વિશે પણ દર્શાવવામાં આવ્યું હતું. વધુમાં ઓનલાઈન અરજી કરતી વખતે ઉમેદવારોએ આ વિવરણ ધ્યાનથી વાંચ્યું હોવાનું એક ડિક્લેરેશન લેટર પણ જારી કરવાનો છે. જેમાં જાહેર સ્થળો, માર્ગ પરથી કચરો હટાવવાનું કામ સામેલ છે.

પાદરામાં ગણેશ પંડાલ બાંધતા ૧૫ યુવાનોને લાગ્યો વીજ કરંટ : એકનું મોત

લોખંડની એંગલ પંડાલ પરથી પસાર થતા હાઈટેન્શન લાઈનને અડી જતા આ દુર્ઘટના બની

મુખ્ય સમાચાર,વડોદરા

પાદરા તાલુકાના ડબકા ગામે વેરાઈ માતા મંદિર પાસે ગણેશ પંડાલ બાંધતા ૧૫ યુવાનોને કરંટ લાગ્યો છે. જેમાં ઘટના સ્થળ પર પ્રકાશ ડાહ્યાભાઈ જાદવ ઉર્ફે સચિન નામના યુવાનનું મોત થઈ ગયું છે. જ્યારે અન્ય ૧૪ યુવાનને અલગ અલગ જગ્યાઓ પર ઈજાઓ થઈ હતી. લોખંડની એંગલ પંડાલ પરથી પસાર થતા હાઈટેન્શન લાઈનને અડી જતા આ દુર્ઘટના બની હતી.

જ્યારે વડુ પોલીસ મથકના પીઆઈ એમ.આર.ચૌધરીએ જણાવ્યું હતું કે, મોડી રાત્રે પંડાલ બનાવતી સમયે ઘટના બની છે. અંદાજે ૧૫ ફૂટ ઉંચો પંડાલ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું. દરમિયાન આ ઘટના બની છે. આ બનાવ અંગે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ ઘટનામાં મોતને ભેટેલો યુવાન પ્રકાશ ઉર્ફે સચિન જાદવ ત્રણ ભાઈમાં બીજા નંબરનો હતો. તે ગામમા પ્રોવિઝન સ્ટોર ચલાવતો હતો. તેને ૬ વર્ષની દીકરી છે. પ્રકાશનું મોત નિપજતાં પરિવાર સ્તબ્ધ થઈ ગયો છે.

પ્રકાશ જાદવ સારો ક્રિકેટર હતો. પાદરા તાલુકામાં રમાતી ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમતો હતો. આથી તે તાલુકામાં સચિન તરીકે ઓળખાતો હતો. લોકો તેના મૂળ નામ પ્રકાશ કરતાં સચિન તરીકે વધારે જાણીતો હતો.ડબકા ગામમાં છેલ્લા ૪૦ વર્ષથી ગણેશોત્સવ મનાવવામાં આવે છે. ૪૧માં વર્ષે ગણેશ ઉત્સવ મનાવવા માટે યુવક મંડળના યુવાનો ૧૨ ફૂટની શ્રીજીની સ્થાપના માટે ૧૫ ફૂટ ઉંચો પંડાલ બનાવી રહ્યા હતા. અંધારું હોવાથી પંડાલનો લોખંડનો પોલ ૧૧ ઉંટિ વીજ લાઈનને અડી જતાં પંડાલ બનાવવાનું કામ કરી રહેલા ૧૫ યુવાનોને કરંટ લાગતા હાહાકાર મચી ગયો હતો.

ગણેશ મંડળના અગ્રણી મહેશભાઈ જાદવે જણાવ્યું કે, યુવક મંડળ દ્વારા વડોદરામાં શ્રીજીની મૂર્તિ બુક પણ કરાવી દીધી હતી. શુક્રવારે વડોદરા મૂર્તિ લેવા માટે આવવાના હતા. પરંતુ, મોડી રાત્રે બનેલી ઘટનાને પગલે ગામ શોકમાં ગરકાવ થઈ ગયું છે. મંડળ દ્વારા હવે સોપારીની સ્થાપના કરી ગણેશ ઉત્સવ મનાવવાનો નિર્ણય કર્યો છે.

બિહારમાં ફરી નીતિશ અને તેજસ્વી મળતા રાજકીય હલચલ તેજ બની : ભાજપના ભવા ઉંચકાયા

મુખ્ય સમાચાર,રાજકોટ

દેશમાં સત્તા પલ્ટા માટે જાણીતા બનેલા બિહારમાં ફરી એકવખત રાજકીય ગતિવિધિ ચાલુ થતા જ સસ્પેન્સ વધ્યું છે. ભાજપ અને આરજેડી સાથે વારાફરતી સત્તા ભોગવનાર રાજયના મુખ્યમંત્રી નીતિશકુમાર અને આરજેડીના વડા તેજસ્વી યાદવની મુલાકાતથી રાજયમાં શું જનતા દળ(યુ) અને આરજેડી ફરી સાથે આવશે તે અંગે પણ ચર્ચા જાગી છે.

જોકે હાલમાં જ મુખ્યમંત્રી નીતિશકુમાર અને વિપક્ષના નેતા તેજસ્વી યાદવ વચ્ચે મળેલી બેઠક અંગે બહાર આવતી વિગત મુજબ રાજયમાં નવા માહિતી કમિશ્નરની નિયુકિતમાં વિપક્ષના નેતાની હાજરી જરૂરી હોવાથી આ બેઠક મળી હતી અને તેમાં નામોની સંભવિત ચર્ચા થઇ છે.

જોકે જે રીતે નીતિશકુમારે રાજદના વડા તેજસ્વી યાદવ સાથે ઉષ્માભરી બેઠક કરી તેથી ભાજપના ભવા ઉંચકાયા છે. એક તરફ તેજસ્વી અને નીતિશની બેઠક અને બીજી તરફ લાલુપ્રસાદ યાદવે પણ પક્ષના ધારાસભ્યની બેઠક બોલાવી હતી તેમાં વિધાન પરિષદના સભ્યો અને ચૂંટણી હારેલા સાંસદો અને ધારાસભ્યોને પણ બોલાવ્યા હતા.

આમ લાલુપ્રસાદની આ બેઠક અંગે પણ કયાસ કાઢવા પ્રયત્ન થઈ રહ્યો છે. હાલમાં જે રીતે જનતા દળ(યુ)માં પક્ષના નેતાની જવાબદારી બદલાઈ અને ખાસ કરીને ભાજપની નજીક રહેલા નેતાઓ પાસેથી પ્રવકતા સહિતના પદો આંચકી લેવાયા તે પછી ભાજપ અને નીતિશકુમાર વચ્ચેનું અંતર વધી રહ્યું હોય તેમ માનવામાં આવે છે.

ખાસ કરીને બિહારને ખાસ રાજયનો દરજજો આપવાની માંગણી મોટી સરકારે નકારી છે અને નીતિ આયોગની બેઠકમાં નીતિશકુમારના બદલે તેની કેબીનેટના ભાજપના બે નાયબ મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા.

ચર્ચા એવી છે કે, જાતિ જનગણનાના મુદ્દે નીતિશ અને તેજસ્વી યાદવ એક સાથે છે અને કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને પણ તે માટે એનડીએ સ્પષ્ટ સૂર કાઢયો છે આમ બિહારમાં પ્રાદેશિક પક્ષ આગળ એકલો પડી જાય તેવી શકયતા છે.

આ તમામ ગતિવિધિઓ વચ્ચે પણ ભાજપે તેના બિહારના ધારાસભ્યો અને સાંસદોની બેઠક યોજી હતી અને તેમાં શાસનની પરિસ્થિતિની સમીક્ષા કરી હોવાની ચર્ચા કરવામાં આવી હતી.

માધબી પૂરી બુચ નવી મુશ્કેલીમાં : સેબીમાં જ અધિકારીઓનો બળવો

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

દેશની શેરબજાર સહિતની નાણાંકીય સંસ્થાઓમાં મોનીટરીંગ કરી રહેલી સિક્યોરીટી એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ખુદ વિવાદમાં ફસાઈ છે અને તેના વર્તમાન ચેરમેન માધબી પૂરી બુચ સામે હિડનબર્ગનો તોપમારો શમ્યો ન હતો ત્યાં જ તેઓએ સેબીમાં પૂર્ણ સમયના ડિરેકટરના ગાળા સમયે પણ આઈસીઆઈસીઆઈ ગ્રુપમાંથી પગાર અને શેરના લાભો મેળવ્યા હતા તેવા કોંગ્રેસના આક્ષેપમાં ફસાયા છે.

તેમની સામે હવે ઝી ગ્રુપ પણ મેદાનમાં આવ્યું છે તે સમયે માધબી પૂરી બુચ સામે પણ સેબીમાં પણ જબરો આક્રોશ હોવાનું બહાર આવ્યું છે. અને સેબીના અધિકારીએ નાણા મંત્રાલયને લખેલા પત્રમાં સેબીમાં અત્યંત ટોકસીક વાતાવરણ પ્રવર્તી

રહ્યું હોવાનું અને બેઠકોમાં અધિકારીઓને મોટા અવાજે તતડાવવાનું અને જાહેરમાં અપમાન કરવા જેવી પરિસ્થિતિ બનતી હોવાનું જણાવીને માધબીની મુશ્કેલી વધારી દીધી છે. ગત તા. ૬ ઓગષ્ટના રોજ લખાયેલા એક પત્રમાં ૧૦૦૦ જેટલા ગ્રેડ-એ અધિકારીઓ કે જેઓ આસીસ્ટન્ટ મેનેજર કે તેથી ઉપરની પદવી પર કામ કરે છે. તેમાંથી ૫૦૦ જેટલા અધિકારીઓએ પત્રમાં સહી કરી છે અને તેમાં સેબી અધિકારીઓની ફરિયાદો અને આત્મસન્માન માટે માંગણી તેવું દર્શાવાયું છે.

તેમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, માધબી પૂરી બુચ તેની ટીમના સભ્યો સાથે અત્યંત ધૃણાસ્પદ રીતે વર્તન કરે છે અને બિનવ્યવસાયિક ભાષાનો ઉપયોગ કરે છે. સેબીના ઈતિહાસમાં પ્રથમ વખત અધિકારીઓએ તેના ચેરમેન સામે આ રીતે ખુલ્લો બળવો કર્યો હોય તેવી સ્થિતિ છે અને પત્રમાં જણાવાયું છે કે, આ પ્રકારના વાતાવરણથી અધિકારીઓના માનસિક આરોગ્ય અને કામ તેમજ કૌટુંબિક જવાબદારી વચ્ચેનું બેલેન્સ પણ બગડી રહ્યું છે.જણાવાઈ રહ્યું છે કે, મેનેજમેન્ટને અનેક વખત ફરિયાદો કરવા છતાં પરિસ્થિતિમાં ફેર ન પડતા અંતે આ પ્રકારે નાણામંત્રાલયને પાંચ પાનાનો પત્ર લખવાની ફરજ પડી છે અને એ પણ જણાવાયું છે કે સેબીમાં છેલ્લા બે-ત્રણ વર્ષથી ભયનું વાતાવરણ પ્રવર્તી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિડગબર્ગ સહિતના આક્ષેપો છતાં સેબી તરફથી હજુ સુધી કોઈ સ્પષ્ટતા કે સત્તાવાર જવાબ અપાયો નથી. માધબી પૂરી બુચ પણ મૌન છે. ફકત આઈસીઆઈસીઆઈ ગ્રુપે બુચ અંગેના આક્ષેપોને નકાર્યા છે.

ભારતમાં પહેલીવાર 'બેતાલા'માંથી મુક્તિ મળે એવા આઈ ડ્રોપને મંજૂરી

ડોક્ટર દ્વારા પ્રિસ્ક્રાઇબ કરવામાં આવી હશે તો જ આ દવા ખરીદી શકાશેઃ પ્રેસ્બાયોપિયાથી પીડિત લાખો ભારતીયો માટે આંખની આ દવા આવકારદાયક સાબિત થઈ શકે એમ છે

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

દૃષ્ટિ નબળી હોય તેમને વાંચનમાં તકલીફ પડતી હોય છે. ચશ્મા પહેર્યા વિના વાંચવું એમના માટે અશક્ય બની જતું હોય છે. નપ્રેસ્બાયોપિયાથનામની ખાસ કરીને મોટી વયે થતી આ સમસ્યાનું નિવારણ કરી આપે એવી એક દવાને તાજેતરમાં ભારતમાં વેચાણ માટે મંજૂરી આપવામાં આવી છે.

પ્રેસ્બાયોપિયા એ વય-સંબંધિત સ્થિતિ છે, જેમાં વ્યક્તિ માટે વસ્તુઓને નજીકથી જોવાનું મુશ્કેલ બનતું હોય છે. સામાન્ય રીતે ૪૦ ના દાયકાના મધ્યમાં આ સ્થિતિ સર્જાવાનું શરૂ થતું હોય છે. ઉંમર વધતાં આંખના લેન્સ સખત થઈ જતા હોવાથી એની લવચીકતા ઓછી થઈ જતી હોય છે, જેના કારણે નજીકની વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું અઘરું બની જતું હોય છે. આ સ્થિતિને નપ્રેસ્બાયોપિયાથકહેવાય છે.

બે વર્ષના વિચાર-વિમર્શ પછી તાજેતરમાં ભારતની નડ્રગ રેગ્યુલેટરી એજન્સીથ(દવા નિયમનકારી એજન્સી)એ ચશ્માની જરૂરિયાતમાંથી મુક્તિ આપે એવી દવાને મંજૂરી આપી છે. આ એક આઈ-ડ્રોપ (આંખમાં નાંખવાના ટીપાં) છે. મુંબઈ સ્થિત નએન્ટોડ ફાર્માસ્યુટિકલ્સથદ્વારા વિક્સાવવામાં આવેલા આ આઈ-ડ્રોપનું નામ છે નપ્રેસ્વુથ.

નપ્રેસ્વુથપિલોકાર્પિનનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. પિલોકાર્પિન ચેતાતંત્રમાં ઉત્તેજના લાવીને એની કાર્યક્ષમતામાં વધારો કરે છે. નપ્રેસ્વુથઆંખની કીકીના કદને ઘટાડીને પ્રેસ્બાયોપિયાની સારવાર કરે છે, જેનાથી વસ્તુઓને નજીકથી જોવાની ક્ષમતામાં વધારો થાય છે.

આ એક બિન-સર્જિકલ ઉપાય હોવાથી એનો વપરાશ કરવો સરળ છે. એક સમયે નપ્રેસ્વુથનું ફક્ત એક ટીપું આંખમાં મૂકવાનું હોય છે. ૧૫ મિનિટમાં એ અસર કરવાનું શરૂ કરે છે. એની અસર છ કલાક સુધી ચાલે છે. જો પહેલું ટીપું મૂક્યા બાદ ત્રણથી છ કલાકની અંદર બીજું ટીપું મૂકી દેવામાં આવે તો દવાની અસર વધુ લાંબા સમય સુધી ચાલતી હોય છે.

ભારતમાં આ પ્રકારની આ પહેલી જ દવા છે. વિદેશોમાં આવી દવાઓ ઘણા સમયથી મળે છે. ભારતમાં બનતી નપ્રેસ્વુથઓલરેડી ૬૦ થી વધુ દેશોમાં નિકાસ કરાય છે.

પ્રેસ્બાયોપિયા માટે વિદેશોમાં મળતી દવાઓ ભારતીય આંખો માટે એટલી ઉપકારક નથી હોતી એટલે નપ્રેસ્વુથને ખાસ ભારતીય આંખો પર પરીક્ષણ કરીને બનાવવામાં આવી છે. ભારતીય આંખો અને કોકેશિયન આંખો (યુરોપ-અમેરિકાના ગોરી ચામડીધારી લોકોની આંખો) વચ્ચે ફરક હોય છે, માટે નપ્રેસ્વુથએ મુદ્દાને ધ્યાનમાં રાખીને બનાવાઈ છે. સમગ્ર ભારતના દસ અલગઅલગ સ્થળોએ ૨૫૦ થી વધુ લોકો પર ક્લિનિકલ ટ્રાયલ કર્યા બાદ એના પરિણામ હકારાત્મક મળતાં આ દવાને મંજૂરી આપવામાં આવી છે.

પ્રેસ્બાયોપિયાની તકલીફ અનુભવનારાઓ માટે અત્યાર સુધી ચશ્માનો ઉપયોગ કરવો, કોન્ટેક્ટ લેન્સ પહેરવા અથવા તો સર્જરી કરાવીને આ સ્થિતિમાંથી મુક્તિ મેળવવા જેવા વિકલ્પો ઉપલબ્ધ હતા.

વિદેશી બજારોની હાલત ખરાબ થતા ભારતીય શેરબજારમાં કડાકો, બજાર ખુલતાં જ સેન્સેક્સ-નિફ્ટી ગગડ્યાં

મુખ્ય સમાચાર,નવીદિલ્હી

વિદેશી બજારોની ખરાબ હાલત દેખાઈ અને એમાય ખાસ તો અમેરિકન બજારમાં હડકંપ મચી ગયું હતું જેના લીધે ફરી એકવાર મંદીના ભણકારાં સંભળાયા. ડાઉ જોન્સ અને નેસ્ડેકમાં પણ મોટા કડાકા થયા જેની અસર હવે સીધી ભારતીય શેરબજારમાં દેખાઈ. આજે વેપારની શરૂઆત થતાં જ સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો કડાકો બોલાઈ ગયો.

મંગળવારે સામાન્ય ઘટાડા સાથે બંધ થયેલા સેન્સેક્સ અને નિફ્ટીમાં બુધવારે ઓપનિંગમાં જ કડાકો બોલાયો. ઈજીડી જ્યક્ષતયઢ ૫૬૭.૨૬ પોઈન્ટ એટલે કે ૦.૬૯ ટકાના કડાકા સાથે ૮૧,૯૮૮.૧૮ પોઈન્ટ પર ટ્રેડ કરી રહ્યો છે. જ્યારે ગજીડી ગશરુ ૧૮૫.૪૦ પોઈન્ટ એટલે કે ૦.૭૩ ટકાના કડાકા ટ્રેડ કરી રહ્યો છે. આજે નિફ્ટી ૨૫,૦૯૪.૪૦ પર ઓપન થયો હતો. જોકે મંગળવારે સેન્સેક્સ ૮૨,૫૫૫.૪૪ ના લેવલે ક્લોઝ થયો હતો. જોકે નિફ્ટી ૨૫,૨૭૯.૮૫ ના લેવલે બંધ થયો હતો.

સોમવારે લેબર ડેની રજા બાદ મંગળવારે અમેરિકન

બજારો ખુલ્યા ત્યારે અચાનક મોટો ઘટાડો જોવા મળ્યો હતો. ડાઉ જોન્સ અને નેસ્ડેક ૩ ટકા સુધી ઘટ્યા હતા. જ્યારે જજપ૦૦ ના મોટા ભાગના સેક્ટર રેડ ઝોનમાં દેખાયા હતા. તેની સીધી અસર એશિયન બજારો પર પણ જોવા મળી હતી અને જાપાનનો નિક્કેઈ પણ ૩ ટકા તૂટ્યો હતો. અમેરિકન માર્કેટમાં ઉથલપાથલ વચ્ચે બુધવારે ગિફ્ટ નિફ્ટીમાં લગભગ ૨૦૦ પોઈન્ટનો કડાકો બોલાયો હતો. ચીપ નિર્માતા ગદશમશફ (ગટઈઉઈએ શેર) ના શેર સૌથી વધુ ૧૦ ટકા ઘટ્યા હતા.

ઉનાના વાંસોજ ગામમાં ધોળા દિવસે ઘરના તૂટ્યા તાળા, સોના ચાંદીના દાગીના સહિતની વસ્તુઓની ચોરી

રિપોર્ટર :- અબ્દુલ પઠાણ પ્રત્રકાર ઉના

મુખ્ય સમાચાર,ઉના

ઉના તાલુકાના વાંસોજ ગામમાં રહેતા આહીર ભીમાભાઇ રામ તેમજ રસિકભાઈ બંનેનો પરિવાર બપોરના આશરે ૩ થી ૫ ની વચ્ચે મેઈન ગેટ પર તાળા મારી બહાર ગયેલ તે સમય નો લાભ ઉઠાવી કોઈ અજાણ્યા વ્યક્તિ પાછળ ની દીવાલ કૂદી ઘર ની અંદર રહેલ કબાટ ના તાળા તોડી તેમાં રહેલ સોનાના દાગીના તેમજ રોકડ રકમ લઈ રફુચક્કર થઈ ગયેલ આ વાત ની જાણ નવાબંદર પોલીસ સ્ટેશન કરતા તાત્કાલિક ધોરણે પોલીસ ઘટના સ્થળે પહોંચી સમગ્ર ઘટના ને ધ્યાન માં લઈ ચોર ને પકડવા ચક્રો ગતિમાન હાથ ધર્યા

ઓકટોબર સુધી વરસાદ, પછી કાતિલ ઠંડી પડશે

ઉનાળો – ચોમાસુ બાદ હવે શિયાળો પણ અસામાન્ય રહેવાની આગાહીઃ લા – નીનાનો પ્રભાવ રહેશે

મુખ્ય સમાચાર,રાજકોટ

ગુજરાત સહીત દેશના અનેક ભાગોમાં મેઘરાજા તાંડવ કરી રહ્યાની હાલત સર્જાઈ છે ત્યારે ભારે વરસાદ બાદ શિયાળામાં ઠંડી પણ જોરદાર પડી શકે છે. હવામાન નિષ્ણાંતોના કહેવા પ્રમાણે મધ્ય સપ્ટેમ્બરથી લા–નીના સીસ્ટમ એકટીવ થઈ શકે છે અને તેને કારણે ચોમાસું ઓકટોબર સુધી લંબાઈ શકે છે.

ભરપુર ચોમાસા બાદ દેશભરમાં ઠંડી પણ હાડ થીજાવનારી હશે.ચાલુ વર્ષે ઉનાળો આકરો રહ્યો હતો ચોમાસુ ભરપુર બન્યુ છે અને હવે શિયાળો પણ કાતિલ બની રહેશે.

ભારતીય હવામાન વિભાગના કહેવા પ્રમાણે સપ્ટેમ્બરમાં જ લા–નીના સક્રિય થઈ જવાની પુરી સંભાવના છે. તેની અસર હેઠળ મધ્ય ડીસેમ્બરથી જાન્યુઆરી સુધી કાતિલ ઠંડી પડી શકે છે. લા–નીનાના પ્રભાવ હેઠળ સામાન્ય રીતે તાપમાનમાં ઘટાડો થતો હોય છે.

ચાલૂ વર્ષે ચોમાસાની વિદાય બાદ પણ ૧૫ ઓકટોબર આસપાસ રહી શકે છે. આ વખતે ચોમાસુ અસામાન્ય રહ્યુ જ છે. આઈઆઈટીનાં પ્રોફેસર રઘુ મુર્તુ ગુડેએ કહ્યું કે ચોમાસું સમયસર આવ્યુ હતું. છતા જુનનો વરસાદ પ્રમાણમાં ઓછો હતો.

જુલાઈ–ઓગસ્ટમાં ભરપુર વરસ્યો હતો. આ દરમ્યાન વરસાદથી પરંપરાગત પેટર્નમાં ફેરફાર જોવા મળ્યો હતો અતિભારે વરસાદના નવા હોટસ્પોટ માલુમ પડયા હતા તે સમજવાનું મુશ્કેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા દસ દિવસ દરમ્યાન ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણામાં જળપ્રલયની સ્થિતિ સર્જાઈ હતી અને ભારે તારાજી સર્જાઈ હતી.આ પૂર્વે કેરળમાં ભારે વરસાદ વચ્ચે ભયાનક ભૂસ્ખલન થયુ હતું. હિમાચલ ઉતરાખંડ, મહારાષ્ટ્ર સહીતના રાજયો ધમરોળાયા હતા.

મોરબી-હળવદ હાઈવે રોડ ઉપર બાઈક સવારને ટેન્કરે હડફેટે લેતા યુવાનનું મૃત્યુ

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી–હળવદ હાઈવે રોડ ઉપર બાઈક સવાર બે મિત્રોને અકસ્માત નડ્યો હતો જેમાં ટ્રક ટેન્કરે બાઈકને પાછળથી ટક્કર મારતા બંને મિત્રો રોડ ઉપર પટકાયતા પાછળ બેઠેલ યુવાન ઉપર ટ્રક ટેન્કરનો પાછળના ટાયરનો જોટ્રો ફરી વળતા સ્થળ ઉપર તેનું કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું જ્યારે બાઈક ચાલક યુવકને સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માતના બનાવ બાદ ટેન્કર ચાલક પોતાનું વાહન રેઢું મૂકીને નાસી ગયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર હળવદ તાલુકાના રાતાભેર ગામે રહેતા રમેશભાઈ કાનાભાઈ સીણોજીયાએ મોરબી તાલુકા પોલીસ મથકમાં ટ્રક ટેન્કર રજી.નં. જીજે–૦૬–વાય–૬૪૯૨ના આરોપી ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગત તા. ૦૨/૦૯ના રોજ સવારે નવેક વાગ્યાના અરસામાં રામેશભાઈનો પુત્ર અજય અને તેનો મિત્ર અક્ષયકુમાર બાઈક રજી. નં. જીજે–૩૬–એજી–૬૩૪૯ લઈને જતા હોય ત્યારે મોરબી–હળવદ રોડ નેક્સીઓન કારખાનાથી આગળ ઘુટુ ગામ તરફ જતા રોડ પર પહોચેલ ત્યારે ઉપરોક્ત ટેન્કર ટ્રક વાહનના ચાલકે પોતાના હવાલાવાળુ ટેન્કર ટ્રક વાહન ફુલ સ્પીડમા અને ગફલતભરી રીતે બેદરકારીથી ચલાવી પાછળથી મોટર સાઈકલને હડફેટે લેતા બંને મિત્રો અજય તથા અક્ષયકુમાર રોડ પર પડી જતા જેમા મોટર સાયકલની પાછળની સીટ પર બેસેલ અજયના માથા પર આ ટ્રક ટેન્કર વાહનના ટાયરનો જોટો ફરી જતા અજયનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું.

જામનગર વન વિભાગ દ્વારા અતિવૃષ્ટિના કારણે અસરગ્રસ્ત થયેલ વિવિધ વિસ્તારોમાં મેડિકલ કેમ્પ તથા ભોજનની વ્યવસ્થા ઉભી કરાઈ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગરમાં પડેલ અનરાધાર વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાયા અને જેના કારણે લોકોની ઘર વપરાશની જરૂરી વસ્તુઓ પાણીમાં વહી જતા ભોજન સહિતની પ્રાથમિક સુવિધા માટે લોકોએ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.ત્યારે જિલ્લા વહીવટી તંત્ર સાથે જામનગર વન વિભાગ પણ લોકોની વહારે આવ્યું અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટ તેમજ જરૂરી કીટનું વિતરણ કરવાની સાથે વન વિભાગ દ્વારા જામનગરના વિવિધ વિસ્તારોમાં પાણી ઉતરી ગયા બાદ લોકોને મેડિકલ સુવિધાની જરૂરિયાત જણાતા તાત્કાલિક મેડિકલ ટીમની વ્યવસ્થા કરી લોકોને સ્થળ પર જ મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી. ધોરાજીના ડો.બશીર ગરાણા વન વિભાગની ટીમ સાથે અસરગ્રસ્ત વિસ્તારમાં લોકોને સારવાર આપવા ઉપસ્થિત રહ્યા અને વધારે પડતા પાણીના લીધે લોકોમાં ઉભી થયેલી તાવ, શરદી, ઉધરસ તેમજ ચામડીને લગતા રોગોની સ્થળ પર જ સારવાર આપી જરૂરી નિદાન કર્યું.

વન વિભાગે જરૂરિયાત વાળા વિસ્તારોમાં ૮૦૦ થી વધારે લોકોને મેડિકલ જરૂરિયાત તેમજ ભોજન પૂરું પાડેલ તો સાથે સાથે પશુ પક્ષીઓના જીવ ન જોખમાય તેની પણ કાળજી લીધી.વિવિધ વિસ્તારોમાં ખૂબ જ પાણી ભરાઈ જવાના કારણે પાણીની સાથે લોકોના ઘરોની અંદર સાપ સહિતના જીવજંતુઓ પણ આવી ચડ્યા જેનું તાત્કાલિક ધોરણે વન વિભાગે રેસક્યુ કરી તેઓને સલામત સ્થળે મુકત કરવામાં આવ્યા.વન વિભાગની રેસક્યુ ટીમ દ્વારા વરસાદ દરમિયાન કુલ ૧૭૭ જેટલા જીવોનું રેસક્યુ કરાયુ જેમા ૭૨ સાપ, ૧ નિલગાય, ૨ મોર, ૬૬ કબૂતર, ૯ બગલા તેમજ અન્ય ૨૭ જેટલા પક્ષીઓના રેસક્યુ કરી તેઓને ઠેબા ખાતે આવેલ વન વિભાગ જામનગરના અર્બન વાઈલ્ડ લાઈફ ઈન્ફૅમરી એન્ડ પ્રાઈમરી ટ્રીટમેન્ટ સેલ પર સારવાર કરી ફરી તેના કુદરતી નિવાસસ્થાનમા મુકત કરવામાં આવેલ.

મોરબીના નવા સાદુળકા ગામ નજીક કારે બાઈકને ઠોકરે ચડાવતા એકનું મોત,એક ઘાયલ

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી તાલુકાના નવા સદુળકા ગામ નજીક બાઈક ઉપર જઈ રહેલા ખેત–શ્રમિક અને તેના સંબંધી મોરબી–માળીયા હાઈવે ઉપર આવેલ કટ પાસેથી રોડ ક્રોસ કરતા હોય તે દરમિયાન માળીયા તરફથી પુરગતિએ આવતી ફોર વ્હીલ કારે બંને બાઈક સવાર ખેત–શ્રમિકોને હડફેટે લેતા બંને રોડ ઉપર પટકાયા હતા. ત્યારે બંને ખેત શ્રમિકોને પ્રથમ મોરબીની ખાનગી હોસ્પિટલ બાદ બાઈક ચાલક ખેત–શ્રમિકને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા તેને રાજકોટ અને ત્યાંથી અમદાવાદ રીફર કરવામાં આવ્યા હતા જ્યાં તેઓનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેસેલ ખેત શ્રમિકને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી.

મળતી માહિતી અનુસાર મોરબીના લક્ષ્મીનગર ગામે મનસુખભાઈ પટેલની વાડીમાં ભાગીયા તરીકે ખેતી કરતા મૂળ મધ્યપ્રદેશ રાજ્યના વતની કમલભાઈ રામાભાઈ બુંદેલા ઉવ–૪૦ અને લક્ષ્મીનગર ગામની સીમમાં જ મનસુખભાઈ પટેલની વાડીની બાજુમાં આવેલ માવજીભાઈ પટેલની વાડીમાં ભાગીયા તરીકે ખેત–મજૂરી કરતા કમલભાઈના સંબંધી શેરૂભાઈ સીતારામભાઈ આલાવા(એમપી) વાળા ગઈ તા. ૨૪/૦૮ ના રોજ રાત્રીના ૧૦ વાગ્યા આસપાસ શેરુભાઈનું એચએફ ડિલક્સ બાઈક રજી.નં. એમપી–૪૬–એમડબલ્યુ–૦૩૫૬ ઉપર શેરૂભાઈના બહેનની વાડીએથી પરત આવતા હોય ત્યારે મોરબી–માળીયા હાઈવે રોડ ઉપર નવા સદુળકા પાસે રોડની કટ પાસેથી રોડ–ક્રોસ કરી રહ્યા હોય તે દરમિયાન માળીયા તરફથી પુરપાટ ગતિએ આવતી સફેદ કલરની કાર રજી.નં. જીજે–૩૬–એફ–૪૭૦૯ એ બાઈકને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. ત્યારે કારની જોરદાર ટક્કરમાં બાઈક સહિત કમલભાઈ અને બાઈક ચાલક શેરૂભાઈ નીચે પટકાયા હતા.

અકસ્માતના બનાવ બાદ તુરંત બંનેને મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બાઈક પાછળ બેઠેલા કમલભાઈને પગમાં ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી જ્યારે બાઈક ચાલક શેરુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને રાજકોટ બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

વાંકાનેરના ઠીકરીયાળા ગામે દુકાનમાં વીજશોક લાગતા દુકાનદાર યુવકનું મૃત્યુ નીપજ્યું

વાંકાનેર તાલુકાના ઠીકરીયાળા ગામે રહેતા અશ્વિનભાઈ લાલજીભાઈ માલકીયા ઉવ.૨૬ નામનો યુવક ગઈકાલ તા. ૦૩/૦૯ના રોજ સવારે ઠીકરીયાળા ગામ નજીક વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલ પોતાની દુકાને હોય તે દરમિયાન દુકાનમાં વીજશોક લાગતા અશ્વિનભાઈને તાત્કાલિક ચોટીલા રેફરલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે જોઈ તપાસી અશ્વિનભાઈને મૃત જાહેર કર્યા હતા. જેથી બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસને જાણ થતા પોલીસ ટીમ સ્થળ ઉપર પહોંચી વધુ વિગતો તપાસી હતી. હાલ પોલીસ દ્વારા દુકાનદાર યુવકના અકાળે મૃત્યુ અંગે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી લાયન્સનગરમાં પત્તા ટીચતી પાંચ મહિલા ઝબ્બે

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે મળેલ બાતમીને આધારે નવલખી રોડ ઉપર આવેલ લાયન્સનગરમાં રેઈડ કરતા જ્યાં જાહેરમાં ખુલ્લી શેરીમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની લેતી દેતીનો તીનપત્તીનો જુગાર રમતા રેખાબેન ગુણવંતભાઈ સામજીભાઈ પીઠવા ઉવ.૬૫, પુજાબેન મુકેશભાઈ ગુણવંતભાઈ પીઠવા ઉવ.૩૨ પન્નાબેન ઉર્ફે જીજ્ઞાબેન વિજયભાઈ નરેશભાઈ વાઘેલા ઉવ.૩૩, રેખાબેન ભાવેશભાઈ રતીલાલ પોપટ ઉવ.૩૪, ધર્મિષ્ઠાબેન વિજયભાઈ રવિશંકરભાઈ ઓરીયા ઉવ.૩૨ તમામ રહે.નવલખી રોડ લાયન્સનગર અમૃત પાર્ક સામે મોરબીને ઝડપી લેવામાં આવી છે. પકડાયેલ તમામ આરોપીઓ પાસેથી રોકડા ૨,૪૬૦/–કબ્જે લઈ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગરમાં યુવકને ઢોરમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં કોંગી કોર્પોરેટર સહિત બે શખ્સો સામે ફરિયાદ

જામનગરમાં યુવકને ઢોરમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં કોંગી કોર્પોરેટર સહિત બે શખ્સો સામે ફરિયાદ.જામનગર શહેરમાં કોંગ્રેસી કોર્પોરેટર અસલમ ખીલજી અને મહંમદ ઉર્ફે અખ્તર પંજા સહિત બે શખ્સોએ પંદર દિવસ પહેલા યુવાનને પટ્ટણીવાડ વિસ્તારમાં કેમ આવેલ છો તેમ કહીને મારકુટ કરતાં યુવાનને મનમાં લાગી આવતાં ઘરે જઈને ફીનાઈલ પી લેતાં સારવારમાં ખસેડાયો હતો. જે બાદ આજે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.જામનગર મહાનગરપાલિકાના કોંગ્રેસી કોર્પોરેટર અસલમ ખીલજીની વધુ એક વખત દબંગ ગીરી સામે આવી છે. શહેરના કાલાવડ નાકા બહાર રંગમતી સોસાયટી હુશેની ચોકમાં રહેતા અને મકાઈની રેકડી ચલાવતા શાહનવાઝભાઈ શકીલભાઈ ચૌહાણ (ઉ.૨૩) નામના યુવાન ગત તા.૧૬ ઓગસ્ટના રોજ પટ્ટણીવાડમાં સદામ હોટલ પાસે ઝાબીરભાઈની ઓફીસ પાસે બેઠો હતો. ત્યારે કોંગ્રેસના કોર્પોરેટર સહિતના બે શખસો બાઈક લઈને આવ્યા હતાં અને અસલમભાઈ ખીલજી અને મહમદ ઉર્ફે મમલો અખતરભાઈ પંજા નામના શખ્સોએ યુવાનને અપશબદો બોલીને અહીં પટ્ટણીવાડમાં કેમ આવેલ છો તેમ કહીને ફડાકા ઝીંકી દીધા હતા અને ઢીકાપાટુનો માર મારીને શરીરે મુંઢ ઈજાઓ પહોંચાડીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.જે અંગે યુવાનને મનમાં લાગી આવતા ઘરે જઈને ફીનાઈલ પી લેતાં પરિવારજનોએ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. સારવાર લીધા બાદ સારૂં થઈ જતાં તેમને રજા આપતા આજે યુવાને સીટી એ ડિવિઝન ખાતે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ ડી.જી.રામાનુજએ કોંગ્રેસી કોર્પોરેટર અસલમ ખીલજી તથા મહંમદ અખ્તર પંજા વિરુદ્ધ ઢીકાપાટુ ,મૂઢ માર અને અપશબ્દ બોલી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ જેથી સીટી એ પોલીસ મથકમાં કલમ ૧૧૫ (૨) ૩૫૨, ૩૫૧ (૩)૫૪ મુજબ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. તેમજ સમગ્ર ઘટના મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને બન્ને શખસો સામે ગુનો નોંધીને ધરપકડ માટે શોધખોળ આરંભી છે

જામનગરમાં ડીકેવી સર્કલ પાસે લાઈમ ટ્રી હોટલમાં આગ લાગતા અફરા–તફરી મચી, હાઈડ્રોલિક ફાયર ફાઈટરની મદદથી કાબૂ મેળવાયો

મુખ્ય સમાચાર,જામનગર

જામનગરના બેડીબંદર રોડ પર ડીકેવી સર્કલ પાસે આવેલી લાઈમ ટ્રી હોટલમાં ચોથા માળે આવેલા એક રૂમમાં અકસ્માતે આગ લાગી હતી, આગના દ્રશ્યો ચો તરફ દેખાયા હતા. ત્યારે ફાયર શાખાએ હાઈડ્રોલિક ફાયર ફાઈટરનો ઉપયોગ કર્યો હતો, અને ચોથા માળે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેતાં વધુ નુકસાની અટકી છે. તેમજ સદભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી, પરંતુ લોકોના ટોળા એકત્ર થયા હતા.

જામનગરમાં ડીકેવી કોલેજ રોડ ઉપર ધનવંતરી ગ્રાઉન્ડની સામે આવેલી લાઈમ ટ્રી હોટલ, કે જે ત્રીજા અને ચોથા માળે આવેલી છે. જે હોટલના ચોથા માળે ૮ નંબરના રૂમમાં અકસ્માતે આગ લાગી હતી. જે હોટલ લાઈમ ટ્રી ઉપર ફાયર ફાઈટર છેક ચોથા મળે પહોંચાડવામાં આવ્યો હતો, અને ટાવર લેડર મારફતે પાણીના બે ટેન્કરોનો મારો ચલાવી ફાયર બ્રિગેડની જેહેમતને લઈને આગ સંપૂર્ણપણે કાબુમાં લઈ લીધી હતી.

લાઈમ ટ્રી હોટલમાં ૮ નંબરનો રૂમ ખાલી હતો, પરંતુ તેની આજુબાજુના રૂમમાં કસ્ટમર રોકાયેલા હતા. જે તમામને તાત્કાલિક ખાલી કરી દેવાયા હતા, જેથી સદનસીબે મોટી જાનહાની થઈ ન હતી, જ્યારે બિલ્ડીંગના ચોથા માળ પર આગ દેખાતા ની સાથે જ ડીકેવી સર્કલ પર રાત્રિના સમયે લોકોના ટોળા એકત્રિત થયા હતા અને રસ્તા પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. અને ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક સ્થળ પર આવી જતા આગને કાબુમાં મેળવી હતી અને વધુ નુકસાની અને મોટી જાનહાની થતા પણ અટકી હતી. મોડી રાત્રે આગની ફાયર બ્રિગેડને જાણ થતાં ચીફ ફાયર ઓફિસર કે. કે. બિશનોય, ઉપરાંત અનવરભાઈ ગજણ તેમજ અન્ય કાયર વિભાગનો સ્ટાક ઘટના સ્થળે દોડી ગયો હતો.

જામનગર ડિફેન્સ કોલોનીમાં મહિલાના મકાનમાંથી દારૂના જથ્થો કબજે મહિલા ફરાર

જામનગરની ડિફેન્સ કોલોનીમાં એક મકાનમાંથી પોલીસે દારૂના ૬૪ ચપલા પકડી પાડ્યા છે. તે જથ્થો જેનો હતો તે મહિલા નાસી ગયા છે. દિગ્વિજય પ્લોટ ૫૮માં એક બાઈકમાંથી પોલીસે દારૂની ૨૧ બોટલ ઝબ્બે લીધી છે. સુભાષપરા માંથી ચપલા સાથે એક શખ્સ ઝડપાયો છે.જામનગરના દિજ્જામ વુલન મીલ નજીક આવેલી ડિફેન્સ કોલોનીમાં એક મહિલાના મકાનમાં દારૂનો જથ્થો પડ્યો હોવાની બાતમી પરથી સિટી સી ડિવિઝનના સ્ટાફે શિલાબેન ફાનિસસ સ્વામી ઉમેદસિંહ જાડેજા નામના મહિલાના મકાનમાં દરોડો પાડ્યો હતો. તે મકાનની તલાશી લેવાતા ત્યાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબના ૬૪ ચપલા મળી આવ્યા હતા. પોલીસે ચપલા કબજે કર્યા છે. દરોડા પહેલાં શિલાબેન નાસી ગયા હોવાથી તેમની શોધખોળ કરાઈ રહી છે.જામનગરની શંકરટેકરીમાં સુભાષપરા શેરી નં.૧માંથી ધર્મેશ હરીશભાઈ નાખવા નામના શખ્સને પોલીસે દારૂના ચપલા સાથે પકડી પાડ્યો છે. જામનગરના દિગ્વિજય પ્લોટ શેરી નં.૫૮માંથી જઈ રહેલા જીજે–૫–એબી ૧૭૮૦ નંબરના બાઈકને પોલીસે રોકાવ્યું હતું. તેના પરથી ઉતરીને હિંગળાજ ચોકમાં રહેતો કમલેશ ઉર્ફે કાનો નાસી ગયો હતો. પોલીસે મોટર સાયકલમાંથી દારૂની ૨૧ બોટલ કબજે કરી છે.

મોરબીની પી.જી. પટેલ કોલેજમાં બે દિવસીય લીડરશીપ ટ્રેનીંગ સેમીનાર યોજાયો

મુખ્ય સમાચાર,મોરબી

મોરબીની પી.જી. પટેલ કોલેજના વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતરના સ્વપનદ્રષ્ટા અને સતત પ્રયત્નશીલ રહેતા પ્રમુખશ્રી દેવકરણભાઈ અને આચાર્ય ડો. રવીન્દ્ર ભટ્ટ ની રાહબરી હેઠળ મુંબઈની અગ્રણી સંસ્થાના સહયોગથી પી.જી.પટેલ કોલેજમાં તા.૨ અને ૩, સપ્ટેમ્બર, ૨૦૨૪ બે–દિવસીય લીડરશીપ ટ્રેનીંગ સેમીનાર ખાસ ઈઈઅ ના વિદ્યાથીઓ માટે યોજાયો હતો.

આ સેમિનારમાં ખાસ મુંબઈથી નિષ્ણાત ટ્રેનર સચિન કામથ અને ક્લેરીસા ઉપાસ્થિત રહ્યા હતા. આ આખા દિવસ માટે બે દિવસીય સેમિનારમાં વિદ્યાર્થીઓને પ્રવર્તમાન સમયમાં અભ્યાસના સમયથી જ ગોલ સેટિંગ દ્વારા સફળ કારકિર્દીનું નિર્માણ કઈ રીતે થાય શકે અને આધુનિક મેનેજમેન્ટ અને નેતૃત્વ ના પાઠ શીખવવામાં આવ્યા હતા. ઉપરાંત કારકિર્દી ઘડતરમાં વ્યક્તિત્વ વિકાસ અંગે પણ તાલીમ આપવામાં આવી હતી. આ સાથે એક સફળ અને કુશળ સંચાલક કઈ રીતે બની શકાય તે અંગેની તાલીમ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઈઈઅ ફેકલ્ટીના વિધાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. કાર્યક્રમના અંતે ટ્રેનર તથા સંસ્થાને કોલેજ દ્વારા મેમેન્ટો આપીને સન્માનિત કરાયા હતા.આ તકે સંસ્થાના આચાર્ય ડો.રવીન્દ્ર ભટ્ટે ટ્રેનર સચિન કામથ અને ક્લેરીસાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉનાના ટાવર ચોક પાસે વિદેશી દારૂના ગુન્હામાં નાસતા -ફરતા બુટલેગરને ઝડપી લેતી પોલીસ

ગીર સોમનાથ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે હેતુથી પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા , જુનાગઢ રેન્જ, જુનાગઢનાઓ તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી મનોહરસિંહ જાડેજા દ્વારા જીલ્લામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડવા કરેલ સુચના મુજબ ગીર સોમનાથ એસ.ઓ.જી. પો.ઈન્સ.શ્રી જે.એન.ગઢવી માર્ગદર્શન અનુસાર તા.૦૨/૦૯/૨૦૨૪ ના એસ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઈ. ઈબ્રાહીમશા બાનવા તથા પો.કોન્સ. ધર્મેન્દ્રસિંહ ગોહીલ એ રીતેના પોલીસ સ્ટાફ સાથે કામગીરી સબબ ઉના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સંયુકતમાં મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે વેરાવળ સીટી પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૮૬૦૦૯૨૪ ૦૫૪૯/૨૦૨૪ પ્રોહી કલમ–૬૫ ઈ મુજબના ગુન્હાના કામે નીચે જણાવેલ વિગત મુજબના નાસતા–ફરતા ઈસમને ઉના ટાવર ચોક પાસેથી ઝડપી લઈ બી.એન.એસ.એસ. કલમ–૩૫(૧)(જે) મુજબ ધોરણસર કાર્યવાહી કરી ઉના પો.સ્ટે. સોપી આપેલ છે.

જામનગરના ખોડિયાર કોલોની વિસ્તાર બાઈકની ચોરીનો ભેદ ખૂલ્યો ચોરાઉ બાઈક સાથે એક શખ્સની ધરપકડ

જામનગરના ખોડિયાર કોલોની વિસ્તાર પાસેથી થોડા દિવસ પહેલાં બાઈકની ચોરીનો ભેદ ખૂલ્યો ચોરાઉ બાઈક સાથે એક શખ્સની ધરપકડ જામનગરના ખોડિયાર કોલોની વિસ્તાર પાસેથી થોડા દિવસ પહેલાં બાઈકની ચોરી કરનાર શખ્સને પોલીસે પકડી પાડી બાઈક કબજે કર્યું છે.જામનગરના ડિફેન્સ કોલોની વિસ્તારમાં એક શખ્સ ચોરાઉ બાઈક સાથે જતો હોવાની બાતમી સિટી સી ડિવિઝનના વનરાજ ખવડ, મહાવીરસિંહને મળતા પીઆઈ જે.વી. ચૌધરીની સૂચનાથી સ્ટાફે વોચ રાખી હતી.તે દરમિયાન ડિફેન્સ કોલોની પાસે રહેતો વિશાલ રમેશભાઈ ઓડીચ નામનો શખ્સ હીરો મોટરસાયકલ સાથે નીકળ્યો હતો. તેને રોકાવી પોલીસે પૂછપરછ કરતા આ શખ્સે તે વાહન રાજ ચેમ્બર સામે બસ સ્ટેન્ડ પાસેથી ચોરી કર્યાની કબૂલાત આપી છે. પોલીસે રૂ.૫૦ હજારનું બાઈક કબજે કર્યું છે.

આમરા ગામમાં યુવાનની હત્યા કરવાના આરોપમાં બેની કરી પોલીસે ધરપકડ

જામનગરના આમરા ગામમાં ગઈ તા.૨૧ના દિને બેડ ગામના યુવાન પર બે બંધુએ કોઈ કારણથી ધોકા વડે હુમલો કરી માર માર્યો હતો. ઘવાયેલા આ યુવાનનું સારવારમાં મૃત્યુ થતાં બનાવ હત્યામાં પલટાયો હતો. આ બંને આરોપીને પોલીસે દબોચી લીધા છે.જામનગર–ખંભાળિયા રોડ પર આવેલા બેડ ગામના અભય અશોકભાઈ લાલવાણી (ઉ.વ.૧૮) નામના યુવાન ગઈ તા.૨૧ના દિને આમરા ગામમાં પોતાના એક મિત્રને મળવા માટે આવ્યા હતા. આ વેળાએ કોઈ કારણથી આમરા ગામના જીતેન્દ્રસિંહ જાડેજા ઉર્ફે જીતુ તથા તેના ભાઈ નરેન્દ્રસિંહ ઉર્ફે નયન ગંભીરસિંહ જાડેજા સાથે અભયને કોઈ બાબતે ઝઘડો થયા પછી ધોકાથી અભયને માર મારવામાં આવ્યો હતો. ગંભીર ઈજા પામેલા આ યુવાનને સારવારમાં ખસેડવામાં આવ્યા પછી તેનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવની ફરિયાદમાં પોલીસે હત્યાની કલમનો ઉમેરો કર્યો હતો. આ ગુન્હાના બંને આરોપીને સિક્કા પોલીસે પકડી પાડ્યા છે. તેઓને રિમાન્ડની માગણી સાથે આજે અદાલતમાં રજૂ કરવામાં આવશે.

રાજકોટ શહેર ભાજપ દ્વારા સદસ્યતા અભિયાનનો શુભારંભ

(તસ્વીરઃ આનંદ જાવિયા)

મુખ્ય સમાચાર,રાજકોટ

ભારતીય જનતા પાર્ટીનુ સદસ્યતા અભિયાન-૨૦૨૪નો પ્રારંભ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ નવી દિલ્હી ખાતેથી કરાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગઇકાલે પ્રાથમિક સદસ્યતા પ્રાપ્ત કર્યા પછી જણાવ્યું હતુ કે, દેશમા ભારતીય જનતા પાર્ટી જ એક માત્ર એવી પાર્ટી છે જે પક્ષના બંધારણ મુજબ અક્ષરશઃ લોકતાંત્રિક પ્રક્રિયાનુ પાલન કરી કાર્યકર્તાઓનો વિસ્તાર કરી રહી છે. ગઇકાલે ગુજરાત રાજય ખાતે સદસ્યતા અભિયાનનો પ્રાંરભ કેન્દ્રીય જળશક્તિ મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલને સદસ્યતા અપાવી કર્યો. આ કાર્યક્રમમા પ્રદેશના સંગઠનમહામંત્રી રત્નાકરજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આજે રાજકોટમાં પણ ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન-૨૦૨૪નો પ્રારંભ સાંસદ પરસોતમ રૂપાલા, ડો. ભરત બોધરા, મેયર નયનાબેન પેઢડિયા સહિતના આગેવાનોની હાજરીમાં કરાયો હતો. આ પ્રસંગે શહેર ભાજપના હોદ્દેદારો, ધારાસભ્યો સહિતના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

શહેરના રાજમાર્ગો પર પંચનાથ મહાદેવ નીકળ્યા નગરચર્યાએ

(તસ્વીરઃ આનંદ જાવિયા)

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ શહેરના સૌથી પ્રાચીન મંદિર પંચનાથ મહાદેવની ગઈકાલે શ્રાવણ મહિનાના અંતિમ દિન વરણાંગી નીકળી હતી ગઈકાલે શ્રાવણ માસનો અંતિમ દિવસ હોય હજારો શ્રદ્ધાળુ એ પંચનાથ મહાદેવના દર્શન કરી શીશ ઝૂકવ્યું હતું પંચનાથ મહાદેવની વારણગીમાં હજારો ભાવિક જોડાયા હતા આવરણાગીમાં રાસ ગરબા ની રમઝટ સાથે આતશબાજી પણ કરાઈ હતી.

નાકરાવાડી કચરાના પ્લાન્ટમાં હીટાચી મશીનની ઠોકરે ચડી જતા શ્રમીકનું મોત

મુળ દાહોદના યુવાન મજૂર તરીકે કામ કરી ત્યાંની ઓરડીમાં પરિવાર સાથે રહેતાં હતાંઃ ફાકી ખાવા નીકળ્યા ને કાળ ભેટયોઃ કુવાડવા પોલીસે ડ્રાઇવર વિરૂધ્ધ ગુનો નોંધ્યો

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરના કુવાડવા રોડ પર નાકરાવાડીમાં આવેલી મહાનગર પાલિકાની ડમ્પીંગ સાઇટ પર કોન્ટ્રાક્ટ બેઝ પર નોકરી કરતાં મુળ દાહોદના યુવાનનું હીટાચીની ઠોકરે ચડી જતાં મૃત્યુ થયું હતું. આ યુવાન ત્યાંની મજૂરોની ઓરડીમાં પરિવાર સાથે રહેતો હતો. જમીને ફાકી-માવો લેવા નીકળ્યો ત્યારે ફોન પર વાત કરતો કરતો ચાલીને જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો.

જાણવા મળ્યા મુજબ મુળ દાહોદના લીલર ગામનો વતની કમલેશભાઇ પ્રતાપભાઇ ભુરીયા (ઉ.વ.૩૯) તેના પત્નિ રાજુબેન, બે પુત્ર અને બે પુત્રી સહિતના પરિવારજનો સાથે નાકરાવાડીના ડમ્પીંગ પ્લાન્ટ ખાતે આવેલી મજૂરોની ઓરડીમાં ચારેક મહિનાથી રહેતો હતો અને પ્લાન્ટમાં મજૂરી કરતો હતો. સાંજે તે જમીને ફાકી લેવા માટે નીકળ્યો ત્યારે હીટાચી મશીનની ઠોકરે આવી જતાં ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે જ મોત થયું હતું.બનાવની જાણ થતાં મૃતકના પરિવારજનો, બીજા મજુરો એકઠા થઇ ગયા હતાં. કુવાડવા રોડ પોલીસને જાણ થતાં પીએસઆઇ એમ. જી. સોલંકી સહિતે નાકરાવાડી પહોંચી મૃતક કમલેશભાઇના પત્નિ રાજુબેન ભુરીયાની ફરિયાદ પરથી કટારીયાવાળાના હીટાચી મશીન નંબર-૨ના ચાલક વિરૂધ્ધ બેફીકરાઇથી મશીન ચલાવી કમલેશભાઇને ઠોકરે લઇ મોત નીપજાવવાનો ગુનો નોંધ્યો હતો.

કમલેશભાઇ સાંજે ઓરડી પરથી ફાકી લેવા ગયા બાદ મોડે સુધી પાછા ન આવતાં પત્નિ, પુત્ર સહિતના શોધવા નીકળ્યા હતાં. તેમજ બનેવી પણ ત્યાં જ રહેતાં હોઇ તેમને ફોન કરીને તપાસ કરી હતી. દરમિયાન ખબર પડી હતી કે રૂમથી થોડે દૂર કોઇ વ્યક્તિ હીટાચી મશીનની ઠોકરે ચડી ગયું છે. આથી રાજુબેન સહિતના ત્યાં જતાં ટોળાની વચ્ચે જઇ તપાસ કરતાં તેમના પતિ કમલેશભાઇનું મશીનની ઠોકરે ચડતાં મૃત્યુ થયાની ખબર પડતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

૩૫ કિમીના રસ્તાઓના ધોવાયાઃ ૭૦૦ થી વધુ ખાડાઓઃ સરકારને રિપોર્ટ

માર્ગો પરથી પસાર થતા વાહન ચાલકો સ્પીડબ્રેકર પરથી પસાર થતા હોય તેવો અનુભવ કરે છે : નુકસાનીનો ખર્ચનો આંક બે-ત્રણ દિવસ બાદ જાહેર થશેઃ તાત્કાલીક પેચ વર્ક કામ શરૂ થશેઃ મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈની ખાત્રી

મુખ્ય સમાચાર,રાજકોટ

શહેરમાં ગત સપ્તાહ ૪ દિવસ પડેલા ૩૧ ઈંચથી વધુ વરસાદે ટાઢક તો કરાવી દીધી છે, પરંતુ રસ્તા, ભૂગર્ભ લાઈનો, સાધનોને ભારે નુકસાની થઈ છે. હવે આ સંજોગોમાં ઉઘાડ નીકળ્યા બાદ મનપા તંત્ર દ્વારા રોડને થયેલા નુકસાનનો સર્વે થતા શહેરના ૩૫ કિલોમીટરના રસ્તાઓ ખરાબ તથા અનેક વિસ્તારોમાં ૭૦૦ થી વધુ ખાડાઓ થયાનું અને આ આ રિપોર્ટનો અહેવાલ સરકારમાં મોકલ્યો હોવાનું મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું.

મહાનગરના તમામ વોર્ડના અનેક રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા છે. માર્ગો પરથી પસાર થતા વાહન ચાલકો સ્પીડબ્રેકર પરથી પસાર થતા હોય તેવો અનુભવ કરે છે. આ સ્થિતિમાં જયાં વધુ પાણી ભરાયા તે માધાપર, કોઠારીયા ચોકડી સહિતના રસ્તે વધુ નુકસાન થયાનો અંદાજ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

શહેરમાં સતત પડેલા ભારે વરસાદના પગલે રોડ રસ્તાઓનો કચ્ચરઘાણ બોલી ગયો છે. મુખ્ય માર્ગો ઉપર ડામર રોડ ધોવાઈ જતાં મોટા ગાબજડાઓ પડવાના કારણે વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા છે. તેવી જ રીતે સોસાયટીઓમાં રસ્તાઓ તુટી જતાં અમુક લોકોને ઘર સુધી પહોંચવું મુશ્કેલ બન્યું છે. વરાપ નિકળતા જ મનપાએ તમામ વોર્ડમાં ખાડાઓ અને તુટેલા રસ્તાઓનો સર્વે કર્યો હતો.

જેનો રિપોર્ટ ગઈકાલે રજૂ થતાં જાણવા મળેલ કે, મુખ્ય માર્ગો ઉપર ૯૦૦થી વધુ ખાડાઓ પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. જેની સામે ૩૫ કિ.મી.ના રસ્તાઓ તુટી ગયા હોવાનું પણ જણાવ્યું છે. છતાં સર્વેમાં ભુલચુક થઈ હોય તેમ માત્ર ૯૦૦ ખાડા બતાવવામાં આવેલ હોય એક્શન પ્લાન્ટની ગ્રાન્ટમાંથી તમામ કામ પુરા થશે કે કેમ તેવું ચર્ચાઈ રહ્યું છે.

સતત પાંચ દિવસ સુધી ૩૧ ઈંચ જેટલો ભારે વરસાદ વરસી જતાં રકાબી આકારના રાજકોટ શહેર પાણીથી જળ બંબાકાર બની ગયું હતું. શહેરના તમામ મુખ્ય માર્ગો ઉપર વોકળા વહેતા જોવા મળ્યા હતા. જ્યારે નિચાણ વાળા વિસ્તારો અને સોસાયટીઓની સ્થિતિ જળ બંબાકાર થઈ ગયેલ વરસાદ બંધ થયા બાદ વરાપ નિકળતા શહેરભરમાં રસ્તાઓ ધોવાઈ ગયેલા અને ખાડાઓ થી ગયાની બુમારણ ઉઠી હતી. નિયમ મુજબ તંત્ર દ્વારા પણ તુરંત ૧૮ વોર્ડમાં ઈજનેરો દ્વારા સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. પરંતુ મુખ્ય માર્ગ ઉપરના જ ખાડાઓ ગણવામાં આવ્યા હોય તેમ ૧૮ વોર્ડ વચ્ચે ૯૦૦ ખાડા થયાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. જેની સામે મુખ્ય માર્ગો તુટી ગયા હોય તેનો સર્વે કરાયેલ જેમાં ૩૫ કિ.મી.ના રસ્તાઓ ધોવાઈ ગયાનું રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

વરસાદી સિઝનમાં જ ડોર ટુ ડોર કચરો એકઠો કરવાની કામગીરી ઠપ

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ શહેરમાંથી ડોર ટુ ડોર કચરો ટીપરવાન દ્વારા એકઠો કરવામાં આવે છે. જે શહેરના ડંમ્પ ખાતે નાખવામાં આવે છે ત્યાંથી ટ્રક મારફતે નાકરાવાડી ડમ્પ ખાતે કચરાનો નિકાલ કરાતો હોય છે. આ સ્થળે કચરાનું પ્રોસેસિંગ કરવાનું હોય છે. જોકે વર્ષોથી આ મામલે ગ્રામજનો દ્વારા વિરોધ કરાતા ફરી વિવાદ થયો છે કચરાના ઢગલામાં સોશાતુ પાણી ભુગર્ભમાં ઉતરી બોરના પાણીમાં આવતા તેનું પરિણામ ગામવાસીઓને ભોગવવું પડ્યું છે. પ્રોસેસિંગના અભાવે કચરાના ડુંગરો ઊભા થયા છે અને તેને કારણે જમીન અને જળનું પ્રદૂષણ થયું છે. મનપાએ પ્રોસેસિંગ માટે કરોડો રૂપિયા ખર્ચ કર્યા બાદ પણ પરિણામ નથી મળ્યું. વરસાદ બાદ ફરીથી પ્રદૂષણ ફેલાતા ગ્રામવાસીઓ કે જે ૨૦ વર્ષથી પ્રદૂષણ અટકાવવા લડત ચલાવી રહ્યા છે તેઓએ ફરિયાદ કરવા માટે જીપીસીબીને બોલાવી હતી અને મનપાના ડમ્પર અટકાવી દીધા હતા.

પરિણામે શહેરમાંથી એકઠા થતાં કચરાનો નિકાલ ન થતાં કચરા એકત્રિકરણનું કામ ઠપ્પ થઈ જતાં ઉચ્ચઅધિકારીઓનો કાફલો નાકરાવાડી ખાતે દોડી ગયો હતો.મનપા દ્વારા નાકરાવાડી ખાતે કચરાનું ડમ્પીંગ કરવામાં આવી રહ્યું છે. તેનો વિરોધ કરી ગ્રામજનોએ જણાવેલ કે, નાકરાવાડીમાં ડમ્પિંગ સાઈટને કારણે માત્ર નાકરાવાડી જ નહિ આસપાસના અનેક ગામો પ્રભાવિત થયા છે.પ્રદૂષણ સામે જંગે ચડેલા લોકોએ અથાગ પ્રયત્ન કરતા ગ્રીન ટ્રિબ્યૂનલે મનપાની ભારે ઝાટકણી કાઢી છે અને દંડ પણ ફટકાર્યો છે. જેને લઈને મનપાએ જૂના કચરાનો નિકાલ અને નવો કચરો પ્રોસેસિંગ પ્લાન્ટમાં મોકલવાનું કામ ચાલુ કરીને

હવે પ્રદૂષણ નહિ ફેલાય તેવી ખાતરી આપી હતી.

નાકરાવાડીના નેક કચરાના ડુંગરો પર વરસાદ પડતા પાણી શોષાયું હતું અને હવે આ પાણી કચરાનું ધોવાણ કરીને આસપાસના નદી-નાળામાં ભળી રહ્યું છે. કચરામાંથી નીકળેલું આ પાણી ગટરના પાણી કરતાં પણ ગંદું અને પ્રદૂષિત છે અને આખા ગામમાં દુર્ગંધ ફેલાઈ છે. જેને લઈને ગામવાસીઓએ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓને ફરિયાદ કરી હતી અને સ્થળ પર બોલાવ્યા હતા. જોકે અધિકારીઓએ એમ કહ્યું કે, આ અટકાવવાનું કામ મનપાનું છે તેને જાણ કરો.

ઝનાના હોસ્પિટલમાં દાખલ ચાંદીપુરા વાયરસની પ્રથમ બાળ દર્દીને તબિબોએ બચાવી લીધી

વાયરસે બાળકીના મગજ, હૃદય, લીવર અને કિડની પર ગંભીર અસર કરી હતીઃ મરણ પથારી પર રહેલી બાળકીને દોઢ માસ સુધી સારવાર આપીને તબીબોએ હસતી રમતી કરી દીધી

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજયભરમાં હાહાકાર મચાવનાર ચાંદીપુરા વાયરસના દર્દીઓને ધીમેધીમે તબીબો સંપૂર્ણ સ્વસ્થ કરી રહ્યા છે. ત્યારે પડધરીની બાળકીમાં પ્રથમ ચાંદીપુરા વાયરસના લક્ષણો જોવા મળતા તેણીને ગત તા.૧૮-૦૭ના ઝનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.અને તે બાળ દર્દીને તબીબોએ દોઢ માસ સુધી સારવાર હેઠળ રાખીને તેને સંપૂર્ણ સ્વસ્થ કરી ડિસ્ચાર્જ કરી હતી.

પડધરીમાં રહેતાઅને મૂળ મહીસાગરના - સુરેશભાઈ સુરેશભાઈ નીનામાની વેદિકા નામની ૨ વર્ષની પુત્રીમાં ગત તા.૧૮/૦૭માં ચાંદીપુરા વાયરસના લક્ષણો જણાતા

તેણીને રાજકોટની ઝનાના હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી. અને તેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો.જે પોઝિટિવ આવ્યો હતો.બાળકીની તબિયત વધુ લથડતા તેણીને વેન્ટિલેટર પર રાખવામાં આવી હતી. વાયરસ તેના મગજ, હૃદય, લીવર અને કિડની પર ગંભીર અસર કરતો હતો.

પરંતુ બાળકી અને તબીબોએ હિંમત ન હારી હતી.અને તબીબોએ તેને ૨૦ દિવસ વેન્ટિલેટર અને બાકીના દિવસો ઓક્સિજન પર રાખી હતી.દોઢ માસ સુધી તેણીને સઘન સારવાર આપીને મોતના મુખમાંથી બહાર કાઢી સંપૂર્ણ સ્વસ્થ કરી હતી.અને બાળકીને હસતી ખેલતી હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાતા પરિવારે તબીબોનો આભાર માન્યો હતો.આ બાળકીને સારવાર બાળ રોગ વિભાગના વડા ડો.પંકજ બુચ તેમની ટીમના સભ્યો ડો. પલક હાપાણી, ડો.આરતી મકવાણા,ડો. સુરભી,ડો. સરિતા,ડો.શ્રેયા, ડો.આરતી સૂત્રેજા અને સમસ્ત અને જુનિયર રેસિડેન્ટ તબીબોએ આપી હતી. ઉલ્લેખનીય છે કે,હાલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસની પોઝિટિવ ૧ અને નેગેટિવ ૩ દર્દીઓ દાખલ છે.

પોરબંદરના દરિયામાં કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ થતા બે જવાન લાપતા, એકનો બચાવ

સોમવારે રાત્રે ઓઈલ ભરેલા ટેન્કર જહાજના રેસ્ક્યુ માટે જતા સર્જાઈ દુર્ઘટના લાપતા જવાનોનો મંગળવારે મધરાત સુધી કોઈ પતો નથી

મુખ્ય સમાચાર,રાજકોટ

પોરબંદરથી ૪૫ નોટીકલ માઈલ દુર દરિયામાં ગતા મોડી રાત્રીના બચાવ રાહત કામગીરી માટે ગયેલુ કોસ્ટગાર્ડનુ હલિકોપ્ટર ક્રેશ થતાં બે જવાનો લાપતા બન્યા છે. જ્યારે એક જવાનને બચાવી લેવામા આવ્યો હતો અને ઈજાગ્રસ્ત જવાનને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. આ લખાય છે ત્યારે બીજા દિવસે રાત્રે ૧૦ વાગ્યા સુધી પણ લાપતા બંને જવાનોનો કોઈ પતો લાગ્યો નથી. શોધખોળ હજુ ચાલુ છે. હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે. હેલિકોપ્ટર ટોટલી લોસ થઈ ચુક્યુ છે. બનાવની મળતી પ્રાથમિક વિગત મુજબ પોરબંદરના દરિયામાં કોઈ હોનારત સર્જાય ત્યારે બોટ અને જહાજના કુ મેમ્બરોને બચાવા માટે સતત કાર્યરત રહેતા કોસ્ટગાર્ડ માટે આજે દુઃખદ ઘટના બની હતી ગઈકાલે સોમવારની રાત્રીના ૧૧ વાગ્યા આસપાસ પોરબંદરથી ૪૫ નોટીકલ માઈલ દૂર દરિયામાં હરિલાલ નામનુ એક જહાજ દરિયાના કરન્ટની લપેટમાં આવી ગયુ હતુ. આ જહાજ તરફથી મેડીકલ ઈમરજન્સી માટે કોસ્ટગાર્ડની મદદનો સંદેશો આવ્યો હતો. સંદેશો મળતાની સાથે જ કોસ્ટગાર્ડનુ ICGALH નામનુ હેલિકોપ્ટર તુરત મદદ પહોચ્યું હતુ આ દરમ્યાન કોઈ કારણોસર હેલિકોટર ક્રેશ થયુ. હેલીકોપ્ટર ક્રેશ થતા જ દરિયામાં ગરકાવ થઈ ગયુ હતુ. જેમા ત્રણ જવાનો લાપતા બન્યા હતા. સદનસીબે એક જવાનનો બચાવ થઈ

શક્યો હતો. કોસ્ટગાર્ડના ચાર જહાજો, એરક્રાફ્ટ લાપતા જવાનોની શોધખોળમાં હેલીકોપ્ટર ક્રેસ દુર્ઘટનાના લાપતા બે જવાનોને શોધવા માટે કોસ્ટગાર્ડના ચાર જેટલા જહાજો અને એરક્રાફ્ટ મદદે પહોચ્યુ છે અને લાપતા બનેલા જવાનોની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સુરક્ષા એજન્સીમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે.

હિરાસર એરપોર્ટની તૂટી પડેલ દિવાલ રીપેર કરવાને બદલે જાળી મૂકી દેવાઇ આ પહેલા કેનોપી તૂટી પડી હતીઃ કોન્ટ્રાકટર સામે હાલ કોઇ પગલા નહિ

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ-અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે હીરાસરમાં રૂા. ૨,૬૫૪ કરોડના ખર્ચે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું નિર્માણ કરાયું છે. જોકે, નિર્માણના એક વર્ષમાં જ આ એરપોર્ટના કામમાં ભ્રષ્ટાચારની ચાડી ખાતાં દૃશ્યો સામે આવતા રહે છે. ટર્મિનલ બિલ્ડિંગ પાસે કેનોપી તૂટી પડી હતી. ત્યારબાદ ૨૬ ઓગસ્ટે ૧૫ ફૂટ લાંબી અને ૫૦ ફૂટ જેટલી પહોળી દીવાલ ધરાશાયી થઈ જતાં ઈંઈજક્ષના જવાનોનો ૨૪ કલાક ચોકી પહેરો રાખવામાં આવ્યો હતો. જોકે, હાલ હવે ત્યાં ટેમ્પરરી જાળી મૂકવામાં આવી છે. જો કે, દીવાલ પડી ત્યારે એરપોર્ટ ડાયરેક્ટરે કહ્યું હતું કે, અઠવાડિયામાં વોલ રિપેર કરી નાખવામાં આવશે. હવે વોલ બનાવવાને બદલે માત્ર જાળી મૂકીને સંતોષ માની લીધો છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટના ડાયરેક્ટર દિગંત બોરાહે જણાવ્યું હતું કે, સુરક્ષા વોલનું એક અઠવાડિયામાં રિપેરિંગ થઈ જશે. જોકે, કેટલું નુકસાન થયું તે અંગે તેમના દ્વારા કોઈ જાણકારી આપવામાં આવી ન હતી. સાથે જ કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવા અંગે પણ કંઈ જાહેર કરવામાં આવ્યું ન હતું.

ભાવનગરના પાલીતાણામાં બે જુથ વચ્ચે ધીંગાણુંઃ એકની લોથ ઢળી

પૈસાની લેતીદેતી મામલે થયેલી જૂથ અથડામણમાં અન્ય બે વ્યક્તિને નાની-મોટી ઈજા

મુખ્ય સમાચાર, ભાવનગર

ભાવનગરના પાલીતાણામાં પૈસાની લેતીદેતી બાબતે થયેલ મનદુઃખ અને ઝઘડાની દાઝ રાખી બે જૂથ વચ્ચે છરી સહિતના હથિયારો વડે થયેલી મારામારીની ઘટનામાં ગંભીર ઈજા પામનાર ડુંગરપુર ગામના યુવાનનું મોત નીપજ્યું હતું, જ્યારે બંને પક્ષના મળીને અન્ય બે વ્યક્તિને ઈજા થઈ હતી. આ ઘટનાની જાણ થતાં જ પાલીતાણા પોલીસ કાફલો ઘટના સ્થળે તેમજ હોસ્પિટલ દોડી ગયો હતો અને બંદોબસ્ત ગોઠવી દીધો હતો. બનાવના પગલે બંને જૂથના લોકો મોટી સંખ્યામાં હોસ્પિટલ દોડી ગયા હતા. આ અંગેની માહિતી મુજબ ભાવનગર જિલ્લાના પાલીતાણાના ડુંગરપુર ગામમાં રહેતા અને પાલીતાણામાં

ડોળી કામદાર તરીકે મજૂરીકામ કરતા આકીબભાઈ જુસબભાઈ લાખાપોટાને સિરાજ રજાકભાઈ રાંધનપરા અને સિકંદર નાથાભાઈ સૈયદ સાથે પૈસાની લેતીદેતી બાબતે ઝઘડો ચાલતો હોય ગઈકાલે રાત્રિના સમયે પાલિતાણામાં આવેલ સદવિચાર હોસ્પિટલની બાજુમાં રામદેવ કોમ્પલેસની નજીક તેવો તેમના મિત્ર જુનેદ ઈકબાલભાઈ નોડીયા, અફઝલ દિનુભાઈ સમા સાથે ઊભા હતા તે દરમિયાન સિરાજ રજાકભાઈ રાધનપરા અને સિકંદર નાથાભાઈ સૈયદ તાહિર ગફારભાઈ રાધનપરા સહિતના તેમની પાસે આવ્યા હતા અને ઝઘડો કરતા બંને જૂથ વચ્ચે છરી સહિતના હથિયારો વડે મારામારી થઈ હતી. મારામારીની આ ઘટનામાં અફઝલભાઈ દિનુભાઈ સમા (રહે. ડુંગરપૂર) ને ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

કુવાડવા જી.આઇ.ડી.સી. પાસે ટ્રકની ઠોકરે ચડી જતા બાઇક ચાલકનું મોત

- શિવધારા સોસાયટીના આશાસ્પદ યુવાનનું અકાળે અવસાન થતા પરિવારમાં કરૂણ કલ્પાંત

મુખ્ય સમાચાર,રાજકોટ

કુવાડવા જીઆઈડીસી પાસે બાઈક ચાલક યુવાનને ટ્રકના ચાલકે હડફેટે લેતા ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નીપજ્યાનું કુવાડવા પોલીસમાં નોંધાયું છે. કુવાડવામાં રહેતા અને ટ્રાન્સપોર્ટમાં મહેતાજી તરીકે ફરજ બજાવતો યુવાન રાજકોટ ઓફિસના કામે પોતાનું બાઈક લઈને આવતો હતો. ત્યારે કુવાડવા જીઆઈડીસી પાસે ટ્રક ચાલકે બાઈકને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

આ અંગે મળતી વિગત મુજબ કુવાડવામાં આવેલી શિવધારા સોસાયટીમાં રહેતા અને કુવાડવામાં જ આવેલા બિના ટ્રાન્સપોર્ટમાં મહેતાજી તરીકે નોકરી કરતા માહિર જીજ્ઞેશભાઈ ધામેલીયા નામનો ૨૨ વર્ષનો યુવાન પોતાનું બાઈક લઈને રાજકોટ ઓફિસના કામે આવતો હતો ત્યારે કુવાડવા જીઆઈડીસી પાસે પહોંચતા ટ્રક ચાલકે માહિર ધામેલિયાના બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા માહિર ધામેલીયાને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું મોત નીપજયાનું ફરજ પરના તબીબે નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

શહેર અને જિલ્લામાં હાર્ટએટેકથી મહિલા સહિત વધુ પાંચ વ્યક્તિઓના મોત

મંદિરમાં પૂજા કરતા વિકલાંગ યુવાન અને પિતાના ભંગારના ડેલે ખુરશીમાં બેઠેલો યુવાન ઢળી પડ્યો ઉદયનગરના મહિલા, પડધરી અને ટંકારા પંથકના બે આધેડના પણ હાર્ટ ફેઈલ

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટમાં વધુ પાંચ લોકોના મોત નિપજતાં હાહાકાર મચી ગયો છે. ત્રંબા ગામે મંદિરમાં સેવા પૂજા કરતા વિકલાંગ યુવાન, જંગલેશ્વરનો ૧૯ વર્ષિય યુવાન, ઉદયનગરની મહિલા, પડધરી અને ટંકારા પંથકના બે આધેડના હૃદય ધબકારા ચુકી ગયા હતાં. એક જ દિવસમાં પાંચ લોકોના હાર્ટએટેકના કારણે મોત નિપજતાં લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.જાણવા મળતી વિગત મુજબ, ત્રંબા ગામે ત્રિવેણી સંગમ ખાતે ત્રંબકેશ્વર મહાદેવ મંદિર નજીક પીપળાના ઝાડ નીચે યુવાનની લાશ પડી હોવાની જાણ થતાં ૧૦૮નો સ્ટાફ દોડી ગયો હતો જેણે જોઈ તપાસી યુવાનને મૃત જાહેર કરી આજી ડેમ પોલીસને જાણ કરતાં હેડ કોન્સ્ટેબલ દિગપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરતાં મૃતક ત્રંબામાં ત્રિવેણી સંગમ પાસે મંદિરની ઓરડીમાં રહેતો નિતીન ભુપતભાઈ આસુંદ્રા (ઉ.૩૦) હોવાનું જાણવા મળ્યું હતું. બનાવની જાણ થતાં ગામમાં રહેતા તેના પરિવારજનો દોડી આવ્યા હતાં. મૃતક નિતીન બન્ને પગે વિકલાંગ હોય તે ત્રણ ભાઈ એક બહેનમાં મોટો હતો. તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. છેલ્લા છ મહિનાથી તે મંદિરની ઓરડીમાં રહી સેવા પુજા કરતો હતો. મોડી રાત્રે અથવા સવારના સમયે ઓરડીની બહાર નીકળતાં ઝાડ નીચે હાર્ટએટક આવી જતાં તેનું મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.જ્યારે બીજા બનાવમાંમુળ ઉત્તર પ્રદેશનોવતની અને હાલ જંગલેશ્વરમાં ગોકુલનગર શેરી નં. ૩માં રહેતો નાજીમ સમસુદ્દીન અંસારી (ઉ.૧૯) નામનો યુવાન આજે સવારે અટીક્ષ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં તેના પિતાના ભંગારના ડેલે ખુરશી પર બેઠો હતો ત્યારે બેઠા બેઠા જ ઢળી પડતાં તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું મોત નિપજ્યું હતું. તબીબોએ હાર્ટએટેકના કારણે મૃત્યુ થયાનું જાહેર કર્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ ત્રણ બહેનમાં વચેટ અને તેણે ધો.૧૨ સુધીનો અભ્યાસ કર્યાનું જાણવા મળ્યું છે. યુવાન પુત્રના મોતથી પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી.ત્રીજા બનાવમાં મવડી ચોકડી પાસે ઉદયનગર શેરી નં.૨માં રહેતા ભાવનાબેન ચંપકભાઈ નિમાવત (ઉ.૫૦) નામના મહિલા ગઈકાલે સાંજે પાંચેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે અચાનક બેભાન થઈ જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતાં. જ્યાં તેમને ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કર્યું હતું. મૃતક ભાવનાબેનને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું અને હાર્ટએટેક આવતાં તેમનું મોત થયાનું જાણવા મળ્યું છે. ચોથા બનાવમાં પડધરી તાલુકાના ઉકરળા ગામે રહેતા

રમેશભાઈ માવજીભાઈ સાકરીયા (ઉ.૪૬) નામના આધેડ ગઈકાલે રાત્રે પોતાના ઘરે હતાં ત્યારે હાર્ટએટેક આવતાં તેમનું મોત નિપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં મૃતક રમેશભાઈ બે બહેનોના એકના એક ભાઈ હોવાનું અને અપરિણીત હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત પાંચમાં બનાવમાં ટંકારા તાલુકાના ભુતકોટડા ગામે રહેતા શૈલેષભાઈ કાનજીભાઈ દુબરીયા (ઉ.૪૯) નામના આધેડનું હાર્ટએટેક આવતાં સારવાર દરમિયાન ખાનગી હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. આ અંગે યુનિવર્સિટી પોલીસે જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

અપ્રમાણસર મિલકત પ્રકરણમાં સાગઠીયાની પત્ની અને ભાઈએ આગોતરા જામીન પાછા ખેરવ્યા

અપ્રમાણસર મિલકતના કેસમાં ઠેબાની જામીન અરજીની દલીલ પૂર્ણ

મુખ્ય સમાચાર,રાજકોટ

ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડના આરોપી પૂર્વ ટીપીઓ સાગઠિયા અને ડેપ્યુટી ફાયર ઓફિસર ઠેબા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો હતો. સાગઠિયાની પત્ની- પુત્ર અને ભાઈએ એસીબી પગલાં લેશે તેવા ડરથી કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે આગોતરા જામીન અરજી ભાઈ-ભાભીએ પરત ખેંચી લીધી છે. જ્યારે સાગઠિયાનો પુત્ર નિવેદન નોંધાવ્યા બાદ અગોતરા જામીન અરજી પરત ખેંચશે. આ ઉપરાંત ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબાએ કરેલી જામીન અરજી ઉપર દલીલો પૂર્ણ થઈ છે અને જામીન અરજી ઉપર ગમે તે ઘડીએ કોર્ટ ચુકાદો સંભળાવશે. મનસુખ સાગઠિયાના પરિવાર વિરુદ્ધ કોઈ અપ્રમાણસર મિલકતનો ગુનો દાખલ કરવામાં આવ્યો નથી અને માત્ર નિવેદન માટે બોલાવ્યા હોવાનું સામે આવતા મનસુખ સાગઠિયાની પત્ની ભાવનાબેન અને તેના ભાઈ દિલીપ સાગઠિયાએ આગોતરા જામીન અરજી પરત ખેંચી લીધી હતી. જ્યારે પુત્ર કેયૂર નિવેદન નોંધાવ્યા બાદ જામીન અરજી પરત ખેંચશે. તેવું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. જ્યારે ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબાએ અપ્રમાણસર મિલકતના ગુનામાં કરેલી જામીન અરજી આજે સેશન્સ કોર્ટમાં સુનાવણી ઉપર આવતા સરકાર પક્ષે સ્પેશિયલ પી.પી. સંજયભાઈ વોરા હાજર રહ્યા હતા અને બન્ને પક્ષની દલીલો પૂર્ણ થઈ હતી. ડેપ્યુટી ફાયર ઓફિસર ભીખાભાઈ ઠેબાએ કરેલી જામીન અરજી ઉપર અદાલત ગમે તે ઘડીએ

ચુકાદો સંભળાવશે આ કેસમાં સરકાર પક્ષે સ્પેશિયલ પી.પી.સંજયભાઈ વોરા રોકાયા હતા. સાગઠિયાના પત્ની ભાવનાબેન અને તેનો ભાઈ દિલીપ સાગઠિયાએ આગોતરા જામીન અરજી પાછી ખેંચી હતી જ્યારે પુત્ર કેયૂર સાગઠિયાએ મંગળવારે સુરેન્દ્રનગર ખાતે આવેલ એસીબી ઓફિસમાં નિવેદન આપ્યું હતું. હવે તે પણ જામીન અરજી પાછી ખેંચશે.

૧૦૮ના પાયલોટની ભરતી પ્રક્રિયામાં નોકરી વાચ્છુકો ઉમટી પડ્યાઃ પરિસ્થિતી બેકાબુ બની

રાજય સરકારની ૧૦૮સેવાના પાઈલોટની ભરતીની પ્રક્રિયા આખા રાજયમાં શરૂ થઈ છે. ખાલી જગ્યાઓ ભરવા માટે હાથ ધરાયેલી કાર્યવાહીમાં ટેસ્ટ અન્યત્ર લેવાયા બાદ રજીસ્ટ્રેશનની કામગીરી અને વેરિફિકેશન મનપાના આધારકેન્દ્ર પાસેના નાના રૂમમાં રાખી દેવાતા ઉમેદવારો હેરાન પરેશાન થયા હતા. મનપાના સૂત્રોએ કહયું હતું કે, અમારી કોઈ ભરતી ન હતી પણ અમારી ઓફિસમાં બેસવા સુવિધા આપવામાં આવી હતી. લરક્ષ પાઈલોટ ભરતીની કાર્યવાહી અંગે તેમના સંયોજકે કહયુંહતું કે, અમારા ધાર્યા કરતા વધારે ઉમેદવારો આવી જતા સમસ્યા ઉભી થઈ હતી. વળી વરસાદ પણ આવતા ઉમેદવારો એક સ્થળે ભેગા થઈ ગયા હતા. ચકાસણીમાં સમય પણ સારો એવો લેવાતા અરજદારોએ અવ્યવસ્થા સામે રોષ વ્યકત કર્યો હતો.

દેણુ વધી જતા શખ્સે દાદાના મઢમાંથી રૂા.૮.૩૭ લાખના દાગીના ચોરી કરીતીઃ ધરપકડ

મુખ્ય સમાચાર,રાજકોટ

ચુનારાવાડમાં દાદાના મઢમાં લાખોના છતર અને હાર ચોરનાર ભાણેજ વિશાલ અને ખરીદનાર સોનીને થોરાળા પોલીસે દબોચી રૂ.૮.૩૭ લાખનો તમામ મુદામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરી હતી.

બનાવ અંગે ચુનારાવાડ શેરી નં.૦૮ માં રહેતાં રાજેશભાઈ બાબુભાઈ માલાણી (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૦૧/૦૯ ના તેઓ પરીવાર સાથે તેમના ઘરમા રહેલ દાદાના મઢની પુજા કરી મઢમા બેઠા હતા. બાદ પુજા કરી રાત્રીના દશેક વાગ્યે મઢમા તાળુ મારી સુઈ ગયેલ હતા.

બીજા દિવસે જોયુ તો દાદાના મઢનો દરવાજો ખુલ્લો હતો અને અમારા દાદાના મઢના દરવાજા પાસે તાળા ખુલેલી હાલતમા પડેલ હતા. બાદમાં તેઓએ તપાસ કરતાં સોનાના છતર નંગ-૦૨, સોનાના નાના મોટા હાર નંગ-

૧૮, સોનાના કડા નંગ-૦૪, સોનાના ટીકા નંગ-૦૨ સહિતનો મુદ્દામાલ મળી કુલ રૂ.૮.૩૭ લાખની મતા ચોરી કોઈ અજાણ્યાં શખ્સો નાસી છૂટ્યા હતાં. ફરીયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી પીઆઈ એન.જી.વાઘેલા અને ટીમે તપાસ હાથ ધરતાં પીએસઆઈ એચ.ટી. જીંજાળા ટીમ સાથે તપાસમાં હતાં ત્યારે ગણતરીની કલાકોમાં એએસઆઈ રાજેશ મેર, હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ જાડેજા, ભરતસિંહ પરમાર અને હસમુખ નિનામાને મળેલ ચોક્કસ બાતમીના આધારે ચોરીનો ભેદ ઉકેલી ચોરીના દાગીના ખરીદનાર સોની વેપારી ભાવેશ બીપીનચંદ્ર પારેખ (ઉ.વ.૪૯),(રહે.કરણપરા, ચબૂતરા ચોક) ને દબોચી પૂછતાછ હાથ ધરી તેની કોલ ડિટેઈલ ચેક કરતાં તસ્કર વિશાલ ઉર્ફે વિશુનું નામ ખુલતાં પોલીસે વિશાલ ઉર્ફે વિશુ રવી સલાટ (ઉ.વ.૨૨),(રહે. ભાવનગર રોડ, સીમેન્ટ ફેક્ટરીની બાજુમાં) ની ધરપકડ કરી તમામ મુદ્દામાલ કબ્જે કર્યો હતો. કરણપરામાં રહેતો સોની વેપારી ભાવેશ પારેખ ચોરીની વસ્તું ખરીદવામાં માહેર છે અને અગાઉ પણ અનેક ચોરીના દાગીના ખરીદયાનું પણ સામે આવ્યું છે. તેમજ તેમને તેમના સબંધીને ત્યાં પણ સોનાની વીંટીની ચોરી કરાવી ખરીદી લીધી હતી. પરંતુ ત્યારે કોઈ પોલીસ ફરિયાદ થઈ ન હતી. હાલ ભોગ બનનારને દાદાના મઢમાં થયેલ ચોરીની ફરિયાદમાં સાહેદ તરીકે જોડવામાં આવ્યા છે.

રાજકોટ આરટીઓ દ્વારા ટ્રાફિક નિયમોની કડક અમવારીઃ ગત મહિને અડધા કરોડનો દંડ વસુલ્યો

હેલ્મેટ, સીટ બેલ્ટ, ઓવરસ્પીડિંગ અને લાયસન્સ વગરના વાહનચાલકો સામે તવાઈ બોલાવી, ૧,૪૪૫ ચાલકો નિયમોનો ભંગ કરતા દંડાયા

મુખ્ય સમાચાર,રાજકોટ

રાજકોટ RTO કચેરી દ્વારા વર્ષ ૨૦૨૪ના ઓગસ્ટ માસ દરમિયાન ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે તવાઈ બોલાવવામાં આવી રહી છે. જેમાં ૧,૪૪૫ જેટલા ગુનાહિત વાહનોના કેસ કરવામા આવેલા છે. જેમની સામે દંડની કાર્યવાહી કરવામાં આવેલી છે. ઓગસ્ટ માસમાં જે વાહનો સામે દંડ કરવામા આવેલો છે, તેમાં રૂ. ૫૦,૩૨,૯૦૮ જેટલો દંડ કરવામા આવ્યો છે. રાજકોટ શહેરમાં ટ્રાફિક નિયમોનો સરેઆમ ભંગ કરી અન્ય લોકોના જીવ જોખમમાં મૂકતા વાહન ચાલકો સામે છઝઘ કચેરી દ્વારા ડ્રાઈવ ગોઠવવવામાં આવે છે અને ટ્રાફિક નિયમોના ભંગ બદલ આકરો દંડ પણ ફટકારવામાં આવે છે.

રાજકોટ RTO કચેરી દ્વારા ઓગસ્ટ માસમાં ૧૪૩ ઓવરલોડ વાહનોને પકડવામાં આવેલા છે, જેમાં તેમને રૂ.૨૦,૨૬,૫૦૦નો દંડ કરવામાં આવ્યો છે તો ઓવર ડાઈમેન્સનના ૩૬ કેસમાં રૂ. ૨,૬૮,૫૦૦નો દંડ થયો છે જ્યારે કલેન્ડેસ્ટાઈન ઓપરેશનના ૫૩ કેસમાં રૂ. ૪,૭૭,૫૦૦ તો ટેક્સ ભરપાઈ કર્યા વિના ચાલતા વાહનોના ૧૩ કેસ કરવામાં આવેલા છે અને તેમની સામે રૂ. ૨,૫૮,૯૦૮નો દંડ કરવામા આવ્યો છે. આ રીતે ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોને દંડ સ્વરૂપે સજા કરવામા આવે છે.

આ ઉપરાંત વ્હાઈટ લાઈટ કલોઉ ચેકિંગ, રોંગ-લેન ડ્રાઈવિંગ ચેકિંગના ૬૮ કેસ થતાં તેમા રૂ. ૬૮,૦૦૦નો દંડ કરવામા આવેલો છે. જ્યારે રેડિયમ રેફલેકટર વગેરે જેવા રોડ સેફ્ટીના

ગુનાઓના ૩૩ કેસ કરવામાં આવ્યા છે અને તેમા રૂ.૩૩,૦૦૦નો દંડ થયો છે. આ સિવાય એક મહિનામાં ફિટનેસ વિના વાહન ચલાવનાર ૭૧ વાહન ચાલકોને રૂ. ૩,૫૫,૦૦૦નો દંડ કરવામા આવતા ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહન ચાલકોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે. આ સિવાયના ટ્રાફિક નિયમભંગના અન્ય કેસો ઉપર નજર કરીએ તો હેલ્મેટ, સીટબેલ્ટ, પી યુ સી, વીમા વગર વાહન ચલાવનાર ૩૩૯ ને રૂ. ૩,૩૦,૦૦૦નો દંડ કરવામા આવેલો છે તો ભયજનક રીતે વાહન અને ઓવરસ્પીડમાં વાહન ચલાવતા ૪૭૨ વાહન ચાલકોને દંડવવામાં આવ્યા છે.

નવાગામમાં પત્નીને તેડવા ગયેલા યુવાન પર સાસરિયાઓનો છરી વડે હુમલો

સાંઈવાળા સર્કલ પાસે તરઘડીયાના યુવાનને બનેવી સહિત ત્રણ શખ્સોએ ધોકાવ્યા

મુખ્ય સમાચાર,રાજકોટ

નવાગામમાં રહેતા યુવક પર તેના સાળા અને સસરાએ છરીથી હુમલો કર્યો હતો. યુવકની પત્ની સાતમ આઠમ કરવા પિયર ગઈ હતી અને તેને પરત મોકલતા ન હોય તે બાબતે સમાધાન કરવા મળ્યા હતા અને યુવક પર છરીથી હુમલો થયો હતો. નવાગામની રંગીલા સોસાયટીમાં રહેતા અને શહેરની ખાનગી હોસ્પિટલમાં પટાવાળા તરીકે નોકરી કરતાં વિપુલ સાતાભાઈ મકવાણા (ઉ.વ.૨૪)એ કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નવાગામ આણંદપરમાં રહેતા તેના સાળા જગા સુરેશ સંઘાણી અને સસરા સુરેશ સંઘાણીના નામ આપ્યા હતા. વિપુલ મકવાણાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના લગ્ન બે વર્ષ પહેલાં સુરેશ સંઘાણીની પુત્રી પૂજા સાથે થયા હતા અને તેમને સંતાનમાં બે માસની પુત્રી છે.

વિપુલની સગીબહેન ગીતાના લગ્ન તેના જ સાળા પરેશ સુરેશ સંઘાણી સાથે થયા છે. આમ ભાઈ-બહેનના સામસામે લગ્ન થયા હતા.

સાતમ-આઠમના તહેવાર પર વિપુલની પત્ની પૂજા તેના પિયર ગઈ હતી અને ગીતા પણ તહેવાર કરવા પોતાના પિયર મકવાણા પરિવારના ઘરે આવી હતી. તહેવાર પૂરો થયા બાદ વિપુલે તેની પત્ની પૂજાને મોકલી આપવાનું કહેતા તેના સસરાએ એક મહિના સુધી પૂજાને નહીં મોકલીએ અને પુત્રવધૂ ગીતાને તેડી નહીં જાઈ તેવી વાત કરી હતી. સુરેશ સંઘાણીને કોઈ મુદ્દે ખોટું લાગ્યું હશે તેના સમાધાન માટે વિપુલના પિતા સાતાભાઈએ સોમવારે સાંજે વેવાઈ

સુરેશ સંઘાણીને પોતાના ઘરે બોલાવ્યા હતા. સમાધાનની આ બેઠકમાં સુરેશ, તેના પત્ની રંજન, પુત્ર જીગો, પરેશ અને પૂજા સહિતના લોકો આવ્યા હતા. પૂજાને પરત મોકલવાના મુદ્દે વાત શરૂ થતાં મામલો બિચક્યો હતો અને સુરેશ સંઘાણી ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે ગાળો ભાંડી હતી. વિપુલે ગાળો બોલવાની ના કહેતા તેના સાળા જીગાએ તેને છાતીમાં છરીનો ઘા ઝીંકી દીધો હતો. પોલીસે વિપુલની ફરિયાદ પરથી ગુનો નોંધી બંને શખ્સ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં રાજકોટના તરઘડીયા ગામે રહેતો ભરત છગનભાઈ સાડમીયા (ઉ.વ.૩૫) સોમવારે રાત્રીના સાંઈબાબા સર્કલ પાસે હતો ત્યારે તેના બનેવી રામજી અને તેની સાથેના કનુ અને વનકુએ ઝઘડો કરી લોખંડના પાઈપ વડે હુમલો કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બનાવને પગલે આજીડેમ પોલીસે તપાસ કરતા છેલ્લા કેટલાક દિવસથી બનેવી સાથે મનદુઃખ ચાલતુ હોય વાહનના ફેરા કરતી વેળાએ ભેટો થઈ જતા આ હુમલો કર્યો હોવાનું જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

ભારે વરસાદના કારણે આરટીઓના ડ્રાઈવીંગ ટ્રેકમાં ભારે નુકશાન

- ૩૫૦૦થી વધુ અજદારોને ડ્રાઈવીગ લાઈસન્સ કઢાવવા રાહ જોવી પડશે

મુખ્ય સમાચાર,રાજકોટ

ગત સપ્તાહે જન્માષ્ટમી તહેવાર પર વરસેલા ભારે વરસાદના પગલે રાજકોટના છઝઘ ટ્રેકને પણ નુકસાન થયુ હતું. જેમાં ટેસ્ટીંગ ટ્રેક પર વુક્ષો ધરાસાયી થયા હતા અને કેમેરાને નુકસાન થતા લાયસન્સ માટેની પ્રક્રિયા બંધ કરવામાં આવી હતી. જેને એક સપ્તાહ થયુ હોવા છતા પણ રિપેર ન થતા પાક્કુ લાયસન્સ કઢાવવા માટે હજુ લોકોએ રાહ જોવી પડશે.

આ અંગે રાજકોટ છઝઘ અધિકારી કે.એમ.ખપેડે કહ્યુ હતું કે, નગત સપ્તાહમાં ભારે વરસાદના કારણે ઓટોમેટેડ ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક પર વુક્ષો ધરાસાયી થઈ ગયા હતા. જેના કારણે રેડીયો ફ્રિકવન્સી આઈડેન્ટીફીકેશન કેમેરાને પણ નૂકસાન થયુ હતું. એટલું જ નહીં

પરંતુ ટ્રેક પર રહેલા વાયરો પણ ખેંચાઈ ગયા હતા. હાલ આ વુક્ષો દૂર કરીને ખેંચાયેલા વાયરોનું કામકાજ કરવામાં આવી રહ્યુ છે. જેથી સંભવતઃ ગુરુવાર સુધીમાં ટ્રેક ફરી શરૂ થઈ જશે. ટેસ્ટીંગ ટ્રેક પર ટેસ્ટ આપવા ઉમેદવારોની અપોઈમેન્ટ પણ રી-શેડ્યુલ કરવામાં આવશે. ત્યારે ઉલ્લેખનિય છે કે ગત સપ્તાહે મેઘરાજાને ધમરોળ્યા બાદ તા.૨૯થી ૩૧ ઓગષ્ટ અને તા.૨ સપ્ટેમ્બરના રોજ ડ્રાઈવીંગ ટેસ્ટની કામગીરી બંધ રાખવામાં આવી હતી. ત્યાર બાદ ટેક્નિકલ ખામી દૂર ન થતા વધુ બે દિવસ માટે ટ્રેક બંધ રહ્યો હતો. જેના કારણે અત્યાર સુધી આશરે ૩,૫૦૦ જેટલા ઉમેદવારોને ટૂ-વ્હીલર અને ફોર-વ્હીલર માટે ટેસ્ટીંગ આપવાની અપોઈમેન્ટ રી-શેડયુલ કરવામાં આવી છે.

જુનાગઢના ગણેશનગરમાં ગેસ લિકેજથી આગ ભભૂકીઃ યુવાન, તેની પત્નિ, પુત્ર અને પિતા દાઝી ગયા

લાઈટની સ્વીચ ચાલુ કરતાં જ લિકેજ થઈને રસોડામાં ભરાયેલા ગેસને કારણે ભડકોઃ ઠારવા જતાં પિતા કાનજીભાઈ કટારીયા પણ દાઝ્યાઃ ચારેયને રાજકોટ ખસેડાયા

મુખ્ય સમાચાર,જુનાગઢ

જુનાગઢમાં ગેસ લિકેજને કારણે રસોડામાં આગ ભભૂકતાં વૃધ્ધ વૃધ્ધ, તેમના પુત્ર, પુત્રવધુ અને પૌત્ર દાઝી જતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. રાતે યુવાન અને તેના પત્નિ આઠ વર્ષના પુત્રને દૂધ પીવુ હોઈ તેને લઈને રસોડામાં જતાં અને લાઈટની સ્વીચ ચાલુ કરતાં જ ભડકો થયો હતો. દેકારો સાંભળી યુવાનના પિતા બીજા રૂમમાંથી દોડી જતાં તે પણ દાઝી ગયા હતાં.

જાણવા મળ્યા મુજબ જુનાગઢમાં ગણેશનગર વિસ્તારની કામદાર સોસાયટીમાં રહેતો વિજયભાઈ કાનજીભાઈ કટારીયા (ઉ.વ.૩૨) રાતે દસેક વાગ્યે તેના પુત્ર દત્ત (ઉ.વ.૮)ને દૂધ પીવુ હોઈ જેથી પોતાની પત્નિ

મનિષાબેન (ઉ.વ.૨૭) અને પુત્ર દત્તને લઈ રસોડામાં ગયો હતો. તેણે રસોડાની લાઈટની સ્વીચ ચાલુ કરતાં જ ધડાકા સાથે આગ ભભૂકી ઉઠતાં પતિ-પત્નિ બંને અને પુત્ર દાઝી ગયા હતાં.

દેકારો સાંભળી બીજા રૂમમાંથી વિજયભાઈના પિતા કાનજીભાઈ માવજીભાઈ કટારીયા (ઉ.વ.૬૦) રસોડામાં દોડી જતાં તે પણ આગની લપેટમાં આવી ગયા હતાં. ચારેયને પ્રથમ જુનાગઢની હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઈ વરૂ, કેતનભાઈ નિકોલા, ધર્મેન્દ્રભાઈ હુદડ, ભાવેશભાઈ મકવાણા, તૌફિકભાઈ જુણાચ, બળુભા અને કાનાભાઈએ જુનાગઢ એ-ડિવીઝનમાં જાણ કરી હતી.

વિજયભાઈ કટારીયાએ હોસ્પિટલના બિછાનેથી જણાવ્યું હતું કે કદાચ બાટલમાંથી ગેસ લિક થઈને રૂમમાં ભરાઈ ગયો હતો. એ પછી મેં લાઈટ ચાલુ કરવા સ્વીચ દબાવતાં જ સ્પાર્કથઈને ભડકો થયો હતો. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે. દાઝી ગયેલા વિજયભાઈ રીનોવેશનના કામ કરે છે. તેના પિતા કાનજીભાઈ છુટક ડ્રાઈવીંગ કરે છે. બનાવ ગેસ લિકેજને કારણે આગલ લાગવાથી જ બન્યાનું કહ્યું હતું

જેતપુરમાં જુગાર રમતી મહિલાઓ સહિત ૨૫ પતા પ્રેમી ઝડપાયા

મુખ્ય સમાચાર,જેતપુર

જેતપુર સિટી પોલીસે બાતમીના આધારે જાગૃતિનગરમાં રહેતા શાંતિબેન દેવાભાઈ તરખાલા પોતાના રહેણાંક મકાનમાં જુગાર રમાડતા હોવાથી રેડ કરતાં જુગાર રમતા ૯ મહિલા સહિત ૧૬ શખસોને ૨૨,૭૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

જેતપુર સિટી પોલીસના પીઆઈ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ જેતપુર સિટી પોલીસ સ્ટેશન ટીમ ગણનાપાત્ર કેસો શોધી કાઢવાની સૂચના અન્વયે જેતપુર સિટી પોલીસ ટીમે બાતમીના આધારે જાગૃતિનગરમાં

રહેતા શાંતિબેન દેવાભાઈ તરખાલા પોતાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા શાંતિબેન દેવાભાઈ તરખાલા, જયશ્રીબેન શૈલેષભાઈ સરવૈયા, પુષ્પાબેન રમણિકભાઈ જોટંગીયા, શારદાબેન વિનુભાઈ વાઘેલા, પૂર્વી બેન મહેશભાઈ મકવાણા, અરૂણભાઈ કનુભાઈ વાઘેલા, બાવભાઈ હુકુભાઈ વાઘેલા, દીપભાઈ લખુભાઈ ઓડેદરા, મહેશભાઈ ચીમનભાઈ મકવાણા, વિપુલભાઈ ગોરધનભાઈ ખાવડિયા, દક્ષાબેન બાલુભાઈ મોકરિયા, વર્ષાબેન કમલેશભાઈ ચોવડીયા, પ્રતિભાબેન હરસુખભાઈ વેકરિયા, વિરેન્દ્ર હરદાસભાઈ ભુથર, ઈલાબેન વિરેન્દ્ર હરદાસભાઈ ભુથર, મુકેશભાઈ લખમણભાઈ વાઘેલા સહિતના ૧૬ શખસોને રોકડા રૂા.૨૨,૭૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી.